Chapter-1

## પ્રકરણ - ૧

## થોડીક સૈધ્ધાંતિક પીઠિકા: સાહિત્યિક પત્રકારત્વનું સ્વરૂપ, એનું પ્રયોજન અને પ્રદાન

આજના વર્તમાન પત્રે સમાચારનું સ્વરૂપ છોડીને 'ગ્રેઈન સ્ટોર'નું સ્વરૂપ લીધું છે. આ કારણે જ્યોતિષ, વૈદક, યોગ અને ડોકટરો, સાધુઓની હાટડી ચાલે છે તો ચલાવો જેવી દશા ઊભી થઈ છે. પત્રકારત્વમાં માનવજીવન કેન્દ્રમાં છે તે છતાં આજનાં પત્રકારત્વમાં જીવનને ઉર્ધ્વગામી કરે એવું ખાસ દેખાતું નથી અને કેટલાક તો પતન નોતરે એવા ક્ષેત્રમાં જ પરસેવો પાડી રહયાં છે. જ્યારે સાહિત્ય તો ચિરંતન પદાર્થ છે અને સાહિત્યિક પત્રકારત્વમાં તો હંમેશા ગૂમાવવાનું આવે છે. પુસ્તકો-સામયિકોનું પ્રકાશન સાહિત્યકાર ની આજીવિકા માટે નથી. અખબારી પત્રકારત્વમાં તો રૂપિયા વગર ચાલે જ નહીં. વર્તમાનપત્રનું પ્રેરકબળ વ્યાપાર છે અને સાહિત્યનું પ્રેરકબળ આનંદ માત્ર છે.

- વાસુદેવ મહેતા (સાહિત્ય અને પત્રકારત્વ વિષયક વ્યાખ્યાન માંથી)

સાહિત્ય જગત કે સામયિકનાં પૃષ્ઠો એ ઉગતા લેખકો માટે આળોટવાની ધર્મશાળા નથી. એ તો છે જયાંથી પ્રજાને કંઈક અનુભવ - નવનીત લાધે એવા પવિત્ર યાત્રાધામો. એ તો છે પ્રજાને દોરવણી આપવા માટેનાં અમૂલ્ય સાધનો. એ સાધનોને અધકચરી દશામાં કે પ્રયોગદશામાં સજાયેલા સર્જનોથી નિર્બળ અને નિર્માલ્ય બનાવી એ રીતે સાહિત્યનું અને પ્રજાનુ ધોરણ નીચે લઈ જવું એ એક પ્રકારનું અતિ સૂક્ષ્મ અને નૈતિક પાપ જ છે.

ચાંપશી ઉદ્દેશી (સ્મૃતિ સંવેદન, પૃ. ૧૭૫)

થોડિક સૈધ્ધાંતિક પીઠિકા: સાહિત્યિક પત્રકારત્વનું સ્વરુપ, એનું પ્રયોજન અને પ્રદાન.

o પરંપરાગત માધ્યમો અને સમૂહમાધ્યમો: એક આવશ્યક ચિત્ર

માનવભાષા, માનવસમાજ અને માનવસંસ્કૃતિનાં મૂળમાં માનવ જાતીયની સહજ સંપર્કવૃત્તિ પડેલી છે એમ કહી શકાય. કૌટુંબિક પરિવેશ એનું કેન્દ્રિય બિંદુ છે. સંતતિ અને વાત્સલ્યની સહજવૃત્તિ (ઈન્સ્ટીકટ) માંથી બંધાતી લાગણીની એમાં મુખ્યતા હોવા છતાં કુટુંબનાં બંધારણોમાં સમજ અને બૌધ્ધિકસભાનતાનાં અંશો પણ છે જ - એ અંશો પછી કૌટુમ્બિક પરિવેશની બહારનાં સંપર્કોમાં પ્રાધાન્ય ભોગવતા થઈ જાય છે. સમૂહભાવના અને સમૂહ-બુધ્ધિ સાથે સાથે વિકસ્યાં હોવાં જોઈએ. એમાંથી સમાજ બંધાયો- સહજવૃત્તિ, ઊર્મિ, સૂઝ, સમજ અને બુધ્ધિશકિતનાં વિવિધ છતાં એકબીજામાં ગૂંથાતા જતા સંકુલ તંતુઓથી, માનવભાષા એમાંજ ઉદ્દભવી ને પછી એ જ માનવભાષાઓ આ સંકુલતંતુઓના વિકસાવ્યા. કુતૂહલવૃત્તિ અને જિજ્ઞાસાભર્યુંતીવ્ર પૃષ્ઠ થતાં માનવસંસ્કૃતિને અનેક આયામ મળતા ગયા. જુદાજુદાં કૌટુંબિક પરિવેશમાંથી આવીને મળતા માણસોએ પરસ્પરની લાક્ષણીકતાઓનું આદાન - પ્રદાન કર્યું. પછી સામુદાયીક સંપર્કો વધતા રહયા. એમાંથી માધ્યમો આવ્યા - મેળા ને ઉત્સવો જેવા આખા સમુદાયનાં નૈમિત્તિક મિલનોમાં એ અદ્રશ્યરુપે - એક પરિસ્થિતિ રુપે સક્રિય થયા તો 'સત્યંવદ, ધર્મંચર' પ્રકારનાં ઉપદેશકો તથા કોઈ એક કેન્દ્રમાંથી આવતા ને સમૂહને પ્રભાવિત કરતા નૈતિક-ધાર્મિક, કથાકથનગણ - અભિનયનને રસ્તે વિસ્મયપોષાક મનોરંજનમાંથી જિજ્ઞાસાપોષાક માહિતી-જ્ઞાનનું સંક્રમણ કરતા કલાકારો માટેની પરંપરા બંધાતા પ્રગટ માધ્યમો સક્રિય થવા લાગ્યા સામુદાયિક માધ્યમો: આમ, માનવ સમાજનાં અને સંસ્કૃતિનાં આરંભથી સામુદાયિક માધ્યમો (કલેકટીવ મીડિયા)

વિવિધ રૂપે અસ્તિત્વ ધરાવતા હતાં. પ્રાચીન સમાજનાં ઉત્સવો, શોક કે આનંદના સામાજિક પ્રસંગો અને મેળા- મેળાવડા સામુદાયિકતાનો સંસ્પર્શ પામીને મૂલ્યો અને સંસ્કૃતિનું લાક્ષણિક દર્શન કરાવતા હતાં. ઔદ્યોગિક ક્રાન્તિએ આધુનિક સમાજને જન્મ આપ્યો અને શહેરી સંસ્કૃતિ વિકાસ પામી. એ પહેલાં આપણી પાસે આ સામુદાયિક સંચલનોને પ્રેરતાં પરંપરાગત લાકમાધ્યમો હતાં. વિચારો, સંદેશાઓ અને હૃદયની ઊર્મિઓને પ્રકટ સ્વરુપ આપવાનું કામ આ લોક-માધ્યમો ધ્વારા થતું રહ્યું. એક બાજુએ આ લોકમાધ્યમો ભૂતકાળની સંસ્કૃતિગાથાનું જતન કરતાં હતાં તો બીજી બાજુએ જીવનનાં નવા સસ્પંદનોને મોકળાશથી રજૂ કરવાની ગુંજાશ પણ ધરાવતા હતાં. આ કારણે આ માધ્યમો પ્રચાર-પ્રસાર કે આનંદપ્રમોદનું સાધન બનીને અટકી જવાને બદલે પ્રજા સામુદાયનાં સાંસ્કૃતિક પરિબળો તરીકે નિર્ણાયક પ્રભાવ પાડનારા બન્યા.

આ પરંપરાગત લોકમાધ્યમો સંઘજીવનને માટે અર્પિત થયેલા હોવાથી જે-તે સ્વરુપોમાં લાઘવ, સરળતા અને પરંપરાગત લયબધ્ધ ઢાળની ગેયતા એમના આગવાં લક્ષણો છે. કંઠથી વહેતી કોઈ કથામાં પરંપરાનું નિરુપણ સીધું-સરળ અને અર્થગ્રાહી થતું હોવાથી લાકમાધ્યમો જીવંતતાથી ભરભર્યાં લાગે છે. રજૂ થતાં લોકગીતો અને કથાઓમાં માનવસહજ ઉર્મિ, સરળ અર્થસરણી, આવેશ-સંવેગ અને બોલચાલની લઢણને કારણે આ ગીતો-કથાઓ કંઠોપકંઠ સચવાઈ શકયા છે.

સંસ્કૃતભાષી આર્યપ્રજાની વૈદિક સંસ્કૃતિમાં સાહિત્યિક સ્વરૂપ પ્રયોજન વિશેષ જોવા મળશે. જ્યારે એ સમયે, સમાન્તરે તળપદની પ્રજાની જ સંસ્કૃતિ હતી. એમાં ગીત, નૃત્ય, સ્થાપત્ય, કળા-કારીગરી અને દ્રષ્ટાંત રુપે આકારિત થયેલી કથા પરંપરા જોઈ શકાય છે.'લલિતકલા' નં. ૧૧, એપ્રીલ: ૧૯૬૨નાં અંકમાં નોંધ્યા મુજબ માટીનાં એક વાસણ (મૃદ્ભાણ્ડ) પર બગલાની ચાંચમાંથી શિયાળે ચતુરાઈ પૂર્વક માછલી પડાવી લીધી એ કથા તેમજ પાણીનાં અરધા કુંભમાંથી મકાગડાએ શી ચતુરાઈથી પાણી પીધું એ વાર્તા ચિત્રિત કરાયેલી જોઈ શકાય છે. ઋગ્વેદમાં શ્રાવ્ય પરંપરાનો ઉલ્લેખ થયેલો છે. ભગવાન મહાવીરના સમયમાં આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે જનસમૂહને કથાવાર્તા કહેવાની પરંપરા અસ્તિત્વમાં હતી. ચિત્ર

પત્રિકા બતાવીને કથા સંભળાવનારા ભિક્ષુકોનાં ઉલ્લેખો જૈન આગમોની ટીકા માંથી પ્રાપ્ત થાય છે. બુધ્ધકાળમાં પણ ચિત્રપત્રોએ ઉપદેશ-બોધ આપવાનું કામ કર્યું છે. દારુ, ચોરી અને વ્યભિચારના નિષેધ દર્શાવતા આ ચિત્રપટોનું દૃશ્ય માધ્યમ એક પરંપરારુપે આપણે ત્યાં વિકસિત થયું છે. મહારાષ્ટ્રમાં 'ચિત્રકથી', રાજસ્થાનમાં 'પાબુજીના પડ' અને બિહારમાં 'જાદૂ પટવા' ને નામે એ જાણીતી છે. (૧) શ્રાવ્ય માધ્યમમાંથી પદ્યગાથાઓ, વર્ણકબધ્ધ દૃષ્ટાંતો અને સંવાદો આખ્યાયિકાઓ રુપે પ્રાપ્ત થઈ. પૌરાણિક કાળના આદિ કવિએ પ્રતિભાબળે દેશમાં જ 'રામકથા'નું 'રામાયણ' રુપે સર્જન કર્યું હતું. મધ્યકાળ નો કવિ માણભટટ ધાર્મિક કથાઓને આખ્યાનબધ્ધ કરીને ગાયન વાદન અને અભિનયનાં ત્રિવિધ સ્તરે લોકસમૂહને મોડીરાત સુધી કથાપ્રવાહના પૂરમાં તાણી જતો. આ ઉપરાંત પદ્યવાર્તાઓની પણ રજૂઆત થતી.

આર્યજાતિનાં પ્રવેશ પછી ભારતમાં અનેક સદીઓ સુધી, વિવિધ સંસ્કૃતિ, જાતિ અને બોલી ધરાવતા સમૂહો આવતા રહ્યા છે. મહાભારત અને પુરાણોમાં આવી અનેક જાતિનાં નામ વર્ણવાયા છે. યક્ષ, દાનવ, શબર, મિહિર, સાતવાહન જેવી અનેક શાખાઓ ઉપરાંત ઈશુની સદીમાં પણ યવન, ક્ષહરાત, હૂણ, શક, આરબ જેવી બહારથી આવેલી પ્રજા મહાનદમાં ભળી ગઈ છે. બૌધ્ધ, જૈન, ઈસ્લામ જેવા વિવિધ ધર્મો સંપ્રદાયોની પરંપરાઓ અને રુઢિઓએ આપણા લોકસમાજ પર પણ અસર કરી. આ કારણે લોકસંસ્કૃતિનાં વિવિધ રુપો લોકનાટયરુપે આગવી લાક્ષણિકતાઓ પ્રકટ કરવા લાગ્યાં. એ વિલક્ષણતાઓએ પોતાનું અસ્તિત્વ આજ પર્યન્ત જાળવી રાખ્યુ છે. જેમકે ભવાઈ (ગુજરાત) તમાશા (મહારાષ્ટ્ર) નૌટંકી (ઉત્તરપ્રદેશ+બિહાર), જાત્રા-(બંગાળ), યક્ષગાન (કર્ણાટક) જેવા લોકનાટય આજે પણ વ્યાપક સમૂહને આકર્ષે છે જેમાં શકયતાઓ ભરપૂર છે. અને એથી જ આજના અનેક સર્જકોએ લોકનાટયનાં અંશોનો સ્વીકાર કરીને એને શૈલીકે પ્રયુકિત રુપે પ્રયોજીને નાટયદિશાએ નૂતન આયામો પ્રગટાવ્યા છે.

લોકસંવેદનાઓ ધાર્મિક, સામાજિક કે કૃષિસંસ્કૃતિ સાથે સંકળાયેલા કોઈ તહેવારો દરમિયાન ભરાતા મેળાઓ અને ઉત્સવોમાં વિસ્તાર પામી છે. આવા આયોજનમાં

પંચરંગી લોકસમૂહ એકઠો થઈ રાસ, ગરબા, ગીતો અને નૃત્યોથી મનોરંજન મેળવતો. ઉત્સવો અનેમેળાઓ લોકસંપર્કનાં મહત્વનાં માધ્યમો હતાં. આ માધ્યમે શુભપ્રસંગો, પશુઓથી માંડીને ઘરવપરાશની ચીજવસ્તુઓ કળા-કારીગીરીનાં સાધનોની લે-વેચ અને શૌર્ય તેમજ કળાની વિવિધ સ્પર્ધાઓની ભૂમિકા પડી જેમાં સંદેશાઓ અને સમાચારોની આપ-લે સહજ હતી. આ સિવાય પણ સમાચારો - સંદેશાઓ દૂત દ્વારા પહોંચાડવાની વ્યવસ્થાઓનાં ઉદાહરણ મળે છે. રાજાએ પડેલા કાયદાઓ કે મહત્વના સમાચારોનો પ્રસાર ઢંઢેરો પીટીને કરવામાં આવતો આવા સંદેશાઓ ઝડપી નહોતાં. પણ એ પધ્ધતિ વ્યાપકતા ધરાવતી.

યાત્રાનાં સંઘો અને સાધુ-સંતો સતત ભ્રમણશીલ રહેતા. તેઓ જ્ઞાનનો બોધ કે ઉપદેશ આપતા. એ જ રીતે જ્ઞાન અને માહિતીનું વિતરણ થતાં ને સંસ્કૃતિની વ્યાપક લાક્ષણિકતાઓ પ્રસાર પામતી. તેઓ જંગમ વિદ્યાપીઠોની ગરજ સારતા. આ ઉપરાંત પ્રાચીન કાળમાં હસ્તલિખિત ગ્રંથોની નકલ લહિયાઓ કરતા. આ હસ્તલિખિત વારસાની પ્રતો તપાસીએ ત્યારે તેમાં રહેલા અક્ષરોનાં મરોડ, કૃતિની આસપાસ સચિત્રતાના અંશો અને ઘૂંટાયેલા રંગોમાં લેખનકળા પરત્વેનો લહિયાઓનો જીવંત રસ પ્રકટ થયેલો દેખાશે. શિલાલેખ, તામ્રપત્રો, ભૂર્જપત્ર, તાડપત્ર પર લખાણો લખવાની પધ્ધતિ પણ આપણા દેશમાં પ્રચલિત હતી. વ્યકિતગત ધોરણે ખેપિયાઓ દ્વારા સંદેશાઓની આપ-લે થતી. વેપારીના લે-વેચના સોદાઓ સાથે પણ સમાચારો-સંદેશાઓ લખવામાં આવતા. જનમાધ્યમો પણ વ્યાપક રીતે માહિતીનું વિતરણ કરતા. આ પ્રક્રિયાઓ એટલી સીમિત હતી કે ભાગ્યે જ કોઈ સમૂહ એક સાથે આ સંદેશાઓને ગ્રહણ કરી શકતો. પરંપરાગત સમાજમાં પ્રત્યક્ષ સંબંધો હતા. સંસ્કૃતિનાં દૃઢ તાણાવાણાથી આ સંબંધ જોડાયેલો હતો. છેલ્લી બે સદીની પરિસ્થિતિઓએ પરંપરાગતનું સમાજનું ચિત્ર પલટી નાખ્યું છે. પરિવર્તનની ખોજ અને એના સ્વીકારનો ઉત્સાહ સમૂહસમાજને ઘડવામાં નિમિત બન્યો છે.

o <u>સમૂહ માધ્યમો - (માસમિડિયા)</u> :

ઔદ્યોગિક ક્રાંતિએ માનવસમાજોને એક મોટા પરિવર્તનનાં આરે લાવી દીધા.

વ્યક્તિગત માનવકૌશલ, કલાકારીગરીની આગવી લાક્ષણિકતા, માનવવર્તન અને જાણકારીના આદાન-પ્રદાનમાં રહેલી પ્રત્યક્ષતા- એ બધા પર ઔદ્યોગિક ક્રાન્તિનું મોજું ફરી વળ્યું ને એક વિરાટકાય ઔદ્યોગિક સમાજ, કહો કે, સમૂહસમાજ અસ્તિત્વમાં આવ્યા. એના મૂળમાં હતું યંત્રઉદ્યોગોએ નીપજાવેલું વિપુલ ઉત્પાદન. માણસની ઉત્પાદન ક્ષમતાને આ યંત્રોએ અનેકગણી વધારી દીધી. ઉત્પાદનની આ સિદ્ધિઓના આલેખ સામે ગામડાનો વ્યાપાર ભાંગી પડયો. કારખાનાઓમાં ત્વરાથી બનતી ચીજવસ્તુઓમાં જેમ નવીનતા હતી તેમ વૈવિધ્ય પણ હતું. આને લીધે ગ્રામોદ્યોગ પર નભતા કારીગર વર્ગની માઠી દશા થઈ. રોજી મેળવવા લોકો ગામડાઓ છોડીને શહેર તરફ આવવા માંડયા. નગરો મહાનગરોમાં પલટાઈ ગયા. ઔદ્યોગીકરણના પરિણામે શહેરીકરણ અસ્તિત્વમાં આવતાં આખાયે સમાજનું ચિત્ર બદલાવા લાગ્યું. યાંત્રિકીકરણને લીધે માનવજાતનાં ભૌતિક સુખસગવડોમાં વધારો થવા લાગ્યો અને માનવવિકાસમાં યંત્રો આદરભર્યું તેમજ પ્રતિષ્ઠા આપનારા સાધનો ગણાવા લાગ્યા.

o <u>સમૂહ માધ્યમો - સૌ પહેલું પત્રકારત્વ</u> :

ઉત્પાદનનું પ્રમાણ વધતા એના વેચાણ અને વિતરણ માટે જાહેરાતની આવશ્યકતા ઊભી થઈ. ઉત્પાદનવર્ધક યંત્રોની સાથે જ મુદ્રણયંત્ર પણ આવ્યું હતું. એણે આ જાહેરાતનાં પ્રસારને વ્યાપક અને ઝડપી બનાવ્યું. વધારેમાં વધારે માણસો સુધી 'ઓછામાં ઓછા સમયમાં પહોંચતો-સંદેશ' એ સમૂહમાધ્યમો માટે પાછળથી પ્રચલિત બનેલું સૂત્ર મુદ્રણયંત્ર દ્વારા જાહેરાતના પ્રસાર માટેઢસાયું પૂરવાર થયું. ઔદ્યોગિક ક્રાન્તિએ જે વિરાટ-સંકુલ તેમજ અપ્રત્યક્ષ ઔદ્યોગિક સમાજ રચેલો એને માહિતી અને જ્ઞાન પહોંચાડવા માટેના સમાચારોએ પણ આવા જ એક સંદેશ (મેસેજ)નું સ્થાન લીધું. આવી વિશિષ્ટ આવશ્યકતાએ પત્રકારત્વનું એક પ્રાથમિકરુપ ઝડપથી સર્જી લીધું હતું. વિજ્ઞાનનાં વિકાસે પણ માહિતી જ્ઞાનની જિજ્ઞાસાને તીવ્ર કરી તીહતી. કેમકે નવા સમાજ માટે તદ્દન નવી શોધની જાણકારી અનિવાર્ય બનતી જતી હતી. માનવસમાજમાં લગભગ રોજ નવા સમાચારો, નવા ખ્યાલો, નવી માહિતી ઝડપથી ઉમેરાતા જતા હતા. 'માહિતી' અને 'જ્ઞાન'

એકરુપ થઈ જાય એવું જ્ઞાનનું એક વ્યાપક સ્વરુપ બંધાયું હતું તો બીજી કબાજુ માનવજ્ઞાનનાં વિવિધ ક્ષેત્રોમાં પેટાક્ષેત્રોની તજજ્ઞતા (સ્પેશ્યલાઈઝેશન) પણ વધતા ચાલ્યા હતાં. આ બધાને પરિણામે વર્તમાનપત્ર એ આખા સમાજને જોડેલો રાખનારી એક અનિવાર્ય આવશ્યકતા બની ગઈ. પછીથી આવતા યંત્રવૈજ્ઞાનિક યુગે અને વિશ્વયુધ્ધોએ માનવસંવાદનું સ્વરુપ વધુ સંકુલ અને વધુ અટપટુ બનાવ્યું. વિશ્વ સમગ્રના સમગ્ર આર્થિક-સામાજિક તંત્રે રાજકીય, સામાજિક મૂલ્યતત્ત્વોનું એક નવું વ્યાકરણ કરવ્યું. જ્ઞાનનો વિસ્ફોટ એક નક્કર હકીકત બની. આ બધું પણ વર્તમાનપત્રનાં સ્વરુપને તેમજ તાત્વિક રીતે પત્રકારત્વના સ્વરુપને વિકસાવવામાં અનિવાર્યપણે કારણરૂપ બનતું થયું. દૈનિકો, સાપ્તાહિકો વગેરે રુપે પત્રકારત્વે ચારેબાજુ પ્રસરવામ માંડ્યું. એનું એક શાસ્ત્ર રચાયું. તાર-ટેલીફોન-ટેલીપ્રિન્ટર જેવા જિણુ સાધનો, સમાચાર સંસ્થાઓએ સંદેશપ્રસારમાં સહાયક ભૂમિકા ભજવવા માંડી. વર્તમાનપત્ર કરતા પણ વધુ ઝડપે અને તાદ્રશ્યરૂપે માહિતી સમાચાર આપનારા રેડિયો, ટેલીવિઝન આદિમાધ્યમો આવ્યા એ પછી પણ મુદ્રણ માધ્યમનાં આવિષ્કારરુપ વર્તમાનપત્ર અને પત્રકારત્વનું વર્ચસ્વ અને મહત્વ રહ્યું. નવા રાજકીય સંદર્ભોમાં વર્તમાનપત્ર વધુ પ્રભાવક બન્યુ અને એથી જ એ ચોથી જાગીર તરીકે ઓળખાવા લાગ્યું.

મુદ્રણ-વ્યવસ્થાની સાથે સમાચારોના સંપાદનની વ્યવસ્થાનો વિકાસ થયો. એડીટીંગ ધ્વારા સમાચારોની સામગ્રીનું પૃથ્થકરણ (પૃથક્કરણ) કરી સમાચારોની પ્રાથમિકતા અને અગ્રતા નકકી કરવામાં આવે છે. સંપાદનની વ્યકિતગત રીતિ-નીતિનાં કારણે જ પ્રત્યેક અખબારનું માહત્મ્ય જુદું જુદું છે. કયા સમાચારને કેવું અને કેટલુ પ્રાધાન્ય આપવું તે અખબારના તંત્રીની વ્યકિતગત બાબત બની. એડીટીંગ પોલીસીનો જ્યારથી ઉદ્ભવ થયો ત્યારથી જ ખરી રીતે પત્રકારત્વનો જન્મ થયો એમ કહેવાય.

વૃતાંતનું સચોટ, તલસ્પર્શી નિવેદન એ સમાચારનું મુખ્ય લક્ષણ છે. હકીકત નિષ્ઠા એ એનું બીજું લક્ષણ છે. આને કારણે શિક્ષિત જનસમુદાયમાં એનું મહત્વ દિન-પ્રતિદિન વધતું ગયું છે. સમૂહમાધ્યમ અંતર્ગત પત્રકારત્વ એક એવું માધ્યમ છે કે જેના ધ્વારા લોકમત કેળવી શકાય છે. લોકશિક્ષણની પાયાની ગરજ એ સારે છે. સમાજસુધારણા માટેનું એ હાથવગું હથિયાર છે. પ્રસાર અને લોકશિક્ષણની મહત્વ

ની કામગીરી જોઈને લોકશાહી દેશોમાં પત્રકારત્વને અનિવાર્ય મનાયું છે. અમેરિકાનાં સ્વાતંત્ર્યનું જાહેરનામું ઘડનારા પ્રમુખ થોમસ જેફરસનનું પ્રસિધ્ધ વાક્ય છે : ' જો મારે નિર્ણય કરવાનો હોય કે આપણે ત્યાં વર્તમાનપત્ર વિનાની સરકાર હોવી જોઈએ કે સરકાર વિનાનાં વર્તમાનપત્રો, તો હું એક ક્ષણનાં વિલંબ વિના બીજી સ્થિતિ પસંદ કરું.' પત્રકારત્વનો આ પ્રભાવ જોઈને એમને પવિત્ર વ્યવસાય (મીશનરી) સાથે સાંકળવામાં આવે છે. તેને લીધે પત્રકાર કે સંપાદક સામે આચાર સંહિતા આવી અને સમૂહની અપેક્ષાઓ પણ ઉત્તરોઉત્તર વધતી ગઈ છે. કાકા કાલેકરે પત્રકારને લોકશિક્ષણનો આચાર્ય, બ્રાહ્મણોનો બ્રહ્મણ અને ચારણોનો ચારણ કહ્યો છે. તેઓ નોંધે છે : ' પ્રસંગે પ્રસંગે વિચાર, માહિતી, સંસ્કારો, અભિરુચિ અને આદર્શોની પરબ ચલાવીને સમાજના સેવાધર્મને એમણે નિભાવવાનો, અજ્ઞાન, અદૂર દ્રષ્ટિને શુધ્ધ કરવાનો અને સમાજચક્રનાં પૈડા જ્યારે એકરાગ ભૂલી જઈ ચિત્કાર કરે છે ત્યારે પત્રકાર યોગ્ય ઠેકાણે સ્નેહ રેડી ઘર્ષણ દૂર કરે છે. જ્યારે જ્યારે સરકારના દરબારમાં પ્રસંગ આવે છે ત્યારે તે પ્રજાનો પ્રતિનિધિ થઈ લોકમતને એકધારો બનાવી લોકશક્તિ ચેતવે છે. આવી રીતે લોકસેવક, લોક-પ્રતિનિધિ, લોકનાયક અને લોકગુરુની ચતુર્વિધ પવદપદવી પત્રકાર ભોગવી શકે છે.' આમ, પત્રકારત્વનાં ક્ષેત્રને લોકશિક્ષણનાં બ્રાહ્મણ વ્યવસાયનો આદર્શ ચીંધવામાં આવ્યો. પ્રજાનાં સર્વાંગી વિકાસની જવાબદારી એનાં ખભે આવી. તંદુરસ્ત, શુધ્ધ, સત્યાગ્રહી અને અભ્યાસશીલ લખાણોની અપેક્ષા આંકવામાં આવી. ધ્યેયનીષ્ઠ પત્રકારત્વની આ ઉંચાઈને કારણે નિરંકુશ કલમનો ધોધ વિનાશ નોતરે છે. એવી ચેતવણી પણ ઉચ્ચારાઈ. આજના પ્રવર્તમાન સમય સંજોગોમાં પત્રકારત્વનો ઉદ્યોગ ગણાવામાં આવતો હોવા છતાંય એમની સાથે સંકળાયેલા મૂલ્યો યથાતથ છે. એ મૂલ્યો વત્તા-ઓછા અંશે ક્ષીણ પામતા ગયા છે તે છતાં સમય સંજોગોનુસાર માથુ પણ ઉંચકે છે. આપણા કુલદીપ નાયર, અરુણ શૌરી, એમ. વી. કામથ જેવા પત્રકારો આ દિશાના ખ્યાત ઉદાહરણો છે.

આજનાં પત્રકારત્વનો વિશેષ હાઈસ્પીડ ઓફસેટ, ફોટો કંપોઝિંગ છે. યંત્રવિદ્યાનો અકલ્પ્ય વિકાસ, સંચાર સાધનોની હરણફાળને કારણે એ શક્ય બન્યું છે. વર્તમાનપત્રનાં પાના કંપોઝરુમમાં બનતા બંધ થઈને આર્ટીસ્ટનાં સ્ટુડીયોમાં તૈયાર થવા

લાગ્યા છે. આને લીધે સુઘડ, આકર્ષક મુદ્રણ તો મળે જ છે સાથોસાથ સાધનોની સગવડે પત્રકારની રઝળપાટને ઓછી કરી છે એટલે માત્ર વૃતાંતો આપીને અટકી જવાને બદલે આ પત્રકારો પાસે સમાચારના મૂળને શોધવાનો પૂરતો સમય રહે છે. બનેલી ઘટનાના તાત્કાલિક અને દૂરગામી પરિણામોની વિચારણા આજના પત્રકારત્વનું ધ્યાનાર્હ પાસું છે આમ, સમાજપડતરમાં પત્રકારત્વે વ્યાપક અસરો મૂકી છે. સમયના પરિપ્રેક્ષ્યમાં બનતા વાદવિવાદો અને રાજકારણનાં પલટાઓમાં તેમજ સમાજ, કેળવણી, સ્ત્રીજાગૃતિ માટે પત્રકારત્વ મહત્વનાં પરિબળ તરીકે ઉપસી આવ્યું છે.

આજે તો પત્રકારત્વનાં એ એક સ્વતંત્ર વિદ્યાશાખા (ફેકલ્ટી) તરીકેનું સ્થાન ઊભું કર્યુંછે. રાજકોટ, સુરત, વડોદરા, અમદાવાદ જેવા શહેરોમા પત્રકારત્વનો શરૂ થયેલો શાસ્ત્રીય અભ્યાસ આ ક્ષેત્રની શકયતાઓને ચીંધે છે. ભૂતકાળમાં સાહિત્ય પરિષદે ૧૯૩૬ પછી ૧૯૩૭, ૧૯૪૧, ૧૯૫૨, ૧૯૫૫ અને ૧૯૬૩નાં પરીષદ અધિવેશનમાં આ વિષય પર ચર્ચા કરવા અલાયદો વિભાગ રાખેલો હતો. ગુજરાતી પત્રકાર પરીષદમાં પણ પત્રકારત્વની સિદ્ધિ-મર્યાદાઓને તપાસવાના પ્રયત્નો થયા છે જે આ ક્ષેત્રનાં મહત્વને આંકી આપે છે.

○ <u>પત્રકારત્વ અને સાહિત્ય</u> :

પત્રકારત્વ અને સાહિત્ય વચ્ચે સ્પષ્ટ ભેદરેખા છે પરંતુ એ બંને ક્ષેત્રોએ પરસ્પર એવો પ્રભાવ પાડેલો છે કે જેના લીધે એ બંનેને હંમેશા સાથે વિચારવાની જરુરિયાત ઊભી થાય છે. પત્રકારત્વનાં ઉત્તરોત્તર વિકાસની સાથે ~~સાહિત્યનાં~~ પત્રકારત્વ અને સાહિત્યિક વચ્ચેની ભેદરેખાને દર્શાવતાં ફ્રેસર બોન્ડ લખે છે કે 'ધ બેઝિક ડીફરન્સ ઈઝ સીમ ટુ પોઈન્ટ ટોવર્ડ્ઝ ધ રાઈટર્સ પર્પઝ. ધ ઓથર એકસપ્રેસીઝ હિઝ ઓવન થોટસ્ એન્ડ એકસપીરીઅન્સીઝ, ધ જર્નાલીસ્ટ એક્પ્રેસીઝ ધોઝ ઓફ ધ કોમ્યુનીટી, લીટરેચર કેન બી ટાઈમલેસ, જર્નાલીઝમ મસ્ટ બી. ટાઈમલી.[3] પત્રકારત્વને કારણે અનેક રૂપનેસ્વરૂપોની શકયતા ઊઘડી આવી છે એમ સાહિત્ય પાસેથી યોગ્યભાષા, શબ્દો અને હૃદયસ્પર્શી વાકયો, કાવ્યપંકિતઓ અને સૂત્રોનો વ્યાપક વપરાશ પત્રકારત્વે વિપુલ પ્રમાણમાં કર્યોછે. આ લેવડ દેવડનો વ્યાપાર ઘણો સહજ રહયો છે.

પત્રકારત્વને કળા માનો છો કે વિજ્ઞાન ? એવા પ્રશ્નનાં ઉત્તરમાં કાકા કાલેલકર પત્રકારત્વને 'જીવન સેવાની કળા' કહે છે. પણ એ સાથે જ તેઓ પત્રકારત્વને વિજ્ઞાન સાથે વધુ સાંકળે છે. જો અભિવ્યકિતઓ કળા ગણાતી હોય તો નાના મોટા બનાવોની રજૂઆતમાં પત્રકારત્વ બહુ કળા દાખવતું હોય છે. એમ કહી શકાય અને આ કારણે જ અખબારોની ઢબ જુદી જુદી હોઈ શકે છે એમ કહેતા કપિલરાય મહેતા અને વલ્લભદાસ અકકડ પત્રકારત્વને કળા માનવા તૈયાર થયા છે. સર્વકાલીનતા પત્રકારત્વનો ગુણ ન હોઈને રતનમાર્શલ એને કળા કે વિજ્ઞાન તરીકે સ્વીકારતા નથી પરંતુ એ સાથે પત્રકારની રજૂઆતમાં જણાતી લાક્ષણિકતા ઓને એ કળાની લાક્ષણિકતાઓ જેવી ગણે છે. ચાંપશી ઉદ્દેશી પત્રકારત્વમાં વિજ્ઞાનને મુખ્ય અને કલાને ગૌણ માને છે. પત્રકારત્વમાં શું શું આપવું એની સૂઝ એ વિજ્ઞાન છે જ્યારે જે આપવાનું છે તે શી રીતે રજૂ કરવું એની સૂઝને તેઓ કલા ગણે છે ત્યારે ઉપરનાં મંતવ્યોનું જ સમર્થન થાય છે.

પત્રકારત્વમાં અભિવ્યકિતની વિવિધ તરાહો કળા ગણવાની વાત મૂળભૂત રીતે તો 'સાહિત્ય' તત્વ સાથે સંકળાયેલી છે. પત્રકારત્વનાં વિકાસને ૩૦૦થી વધું વર્ષ થયા નથી. જ્યારે સાહિત્ય તો માનવજીવનની શરૂઆતથી પ્રકટેલું છે. વિજ્ઞાનની શોધ દ્વારા પત્રકારત્વ ઉદ્ભવ્યું છે એથી એની રજૂઆતમાં કે સર્વકાલીનતાનાં પ્રશ્નોમાં વિજ્ઞાનનાં અંશોનો બહુધા સ્વીકાર થતો રહ્યો છે. પત્રકારત્વને એક પ્રભાવક માધ્યમ તરીકે વિકસવાનું પ્રથમ ચરણ વિજ્ઞાન રહ્યું છે. સાહિત્ય વિશે એમ કહી શકાશે નહી. તે છતાં આ બંને ક્ષેત્રો એકમેકને પ્રબળ અસરકર્તા છે એ કારણે એમના કેટલાક સામ્યભેદોનો વિચાર કરવો જોઈએ.

o <u>પત્રકારત્વમાં ભાષા</u> :

જ્યારે ભાષાનો વિચાર શાસ્ત્રભાષાની તુલનાએ, લોક વ્યવહારભાષા સંદર્ભે, વિશેષ તો સાહિત્યની ભાષા તુલનાએ કરતાં હોઈએ ત્યારે જણાશે કે શાસ્ત્રની ભાષા એક શબ્દની ચાકકસ અર્થમાં સીમિત રહેલો છે. મુખ્યત્વે શબ્દનો

એક પ્રમાણભૂત અર્થ આપવા સુધી જ શાસ્ત્રીય ભાષાનું પ્રયોજન રહેલું છે. જેથી આપણે જેને પરિભાષા (ટર્મીનોલોજી) કહેએ છીએ એ ભાષા નિશ્ચિત અર્થ સુધી દોરી જવામાં આપણાને સહાયરુપ બને.છે. જ્યારે પત્રકારત્વની ભાષા તો અર્થઘટન ક્ષમતા, લોકવ્યવહારનાં પ્રચલિત શબ્દો, રુઢિપ્રયોગો અને લોકમાં વણાઈ ગયેલી કહેવતોનો ભરપૂર પ્રમાણમાં ઉપયોગ કરે છે. સંસ્કૃતિનાં વિકાસ દરમ્યાન મળેલા વિવિધ અર્થો, અર્થ છાયા અને અર્થછટાઓ અને શબ્દનાં લાક્ષણિક રુપોનો પ્રભાવ પત્રકારત્વની ભાષામાં દેખાશે. સદ્યોગમ્ય એવી ભાષાનો ઉપયોગ કરવા પાછળ પત્રકારત્વની ભાષાને પ્રયોજન તો હોય છે અસરકારકતા અને તત્કાળ પ્રભાવકતા ઉભી કરવાનું. આ કારણે પત્રકારત્વની ભાષા લોકવ્યવહારની ભાષા ની અડાઅડ બેસે છે. એથી એ સરળતાથી પ્રત્યાયન તો સાધે જ છે પરંતુ આ ભાષાની સીમારેખા મોટાભાગે શબ્દાર્થથી આગળ ખસતી નથી. વ્યવહાર ભાષાનાં બલિષ્ઠ પ્રયોગો, રુઢિપ્રયોગો અને કહેવતોને વળ ચઢાવી પ્રકટ થતી પત્રકારી ભાષાએ તાકયુ તીર મારવાની કળા હાંસલ કરી લીધી છે ખરી પરંતુ એ સાથે એ પણ એટલું સાચું છે કે પત્રકારત્વની ભાષા વારંવારનાં પુનરાવર્તનોથી પ્રયુકિતસભર લાગે છે. બીબાઢાળ વાકયોનો ઉપયોગ લગભગ સામાન્ય થઈ પડયો હોય એવા ઉદાહરણો ઓછા નથી. મુશળધાર વરસાદ, જંગી જાહેરસભા, ફાટી નીકળેલું રમખાણો, મૃત્યુનું તાંડવ જેવા શબ્દપ્રયોગો પત્રકારત્વની ભાષાને 'છાપાળવી'નું વિશેષણ આપતી થઈ છે. સામુદાયિક વર્ગની ખેવના રાખવાનાં પરિણામે , બજારુ માંગને ધ્યાનમાં રાખીને, સમયની મર્યાદાની લક્ષમાં લેતા ભાષાને અમુક સ્તરે જ રાખવા ની મર્યાદા પત્રકારત્વે સ્વીકારવી રહે છે જ્યારે સાહિત્યની ભાષા તો ભાષા વ્યવહારનાં મૂળમાં પડેલી અર્થવિવિધતા અને અર્થસંદિગ્ધતાને તાકે છે. પરંપરાથી કાવ્યનો આત્મા ધ્વનિ ગણાયમે છે એટલે કે લોકવ્યવહારની ભાષા કે પત્રકારત્વ ની ભાષામાં જે સંદિગ્ધતા છે એવી સંદિગ્ધતાને બદલે ધ્વન્યાર્થ કે પ્રતીકાર્થ પ્રકટાવવાની સાહિત્યકારની મથામણ રહે છે. ભાષાની લીલાને સમજવાનો યત્ન કરતો સાહિત્યકાર લોકવ્યવહારની ભાષામાં જ લખતો હોય એ છતાં એ ભાષાનું રુપ વિવિધ પ્રયોગથી નિરાળું ને નોખું બની રહે છે.

ભાષાએ સાહિત્યનું તેમ પત્રકારત્વનું પણ માધ્યમ છે. માધ્યમ સમાન હોવા છતાં સર્જક પોતાની અનુભૂતિને પ્રતિભાબળે વિકસાવીને નવોન્મેષ પ્રકટાવે છે. આત્માભિવ્યકિતનો ઉદ્દેશ

આત્માઅભિવ્યક્તિનો ઉદ્દેશ સાધે'.છે. વિશિષ્ટ રીતે ભાષાને પ્રયોજવાનો અને 'તેજે ઘડેલા શબ્દનો' એને ખપ હોય છે. ભાષાનું લયમાધુર્ય, અર્થ અને નાદના તત્વોને પ્રયોજીને'કાનની કળા' ઉપજાવવા : તે મથે છે. આ મથામણથી ભાવકને રસાનુભવ સાંપડતો હોય છે. ભાષા પર સાહિત્યનો જેટલો હક્ક છે એટલો જ હક્ક બીજા પ્રસારણ માધ્યમોનો છે એમાં પણ અખબારોનો તો સવિશેષ છે કારણ કે અખબારોએ માત્ર છાપેલા બશબ્દની સહાયતાથી જ ધારેલી અસર ઉપજાવવાની હોય છે. ભાષાનાં ઉપયોગથી પ્રજા સુધી પોતાનો અવાજ પહોંચાડવો એ પત્રકારનું મુખ્ય ધ્યેય છે. આમ, પત્રકાર પણ ભાષાનાં માધ્યમથી યથાર્થ દર્શન કે સચોટ અસરનો હેતું સાધે છે.

એટલે સાહિત્ય અને પત્રકારત્વ બંનેની ભાષા સમાન હોવા છતાં એ બંને ભાષા પાસેથી વિભિન્ન કામ કઢાવવાનાં આગ્રહી છે. ભાષાની સજ્જતા બંનેમાં અનિવાર્ય છે તે છતાં સાહિત્યકારની ભાષા છંદ, અલંકારનાં ઝાંઝર પહેરીને કવચિત્ ચાલતી હોય, પ્રતીક, કલ્પન, પુરાકલ્પનને પ્રયોજતી હોય જ્યારે પત્રકાર શબ્દનો સ્થૂળ રીતે ઉપયોગ કરે છે. પત્રકાર શબ્દને.કલ્પનાનાં ઘેરા રંગોમાં રંગીને જેટલા અંશે પ્રતીકાત્મક પ્રયોજી શકે એટલા અંશે એ લખાણમાં સાહિત્યિક તત્વ આવે. મેઘાણીએ 'લીટરરી ટોન' ની પત્રકારત્વમાં ઝંખના સેવી છે એ આ અર્થમાં, આ કારણે જેમ સાહિત્યે ભાષાનાં ઘડતર વિકાસમાં બહુમૂલ્ય ફાળો આપ્યો છે. એમ પત્રકારત્વે પણ ભાષાને પલોટવામાં મહત્વનું પ્રદાન કર્યું છે. કહો કે, પત્રકારત્વ ધ્વારા સાદગીભરી ભાષાનો ઉપયોગ થવા માંડયો અને સાહિત્ય જગતે એ ભાષાને સંસ્કારથી દીપ્તિવંત બનાવવાનું કાર્ય આરંભ્યું.

ભાષાએ પત્રકારત્વ અને સાહિત્યનું સમાન માધ્યમ હોવા છતાં એમના ઉદ્દેશો ભિન્ન ભિન્ન પ્રવર્તતા હોય છે. ઘટના અથવા તો બનાવએ પત્રકારત્વનો પ્રાણ છે. બનેલી ઘટના અને એના તથ્યો પર એ ચાંપતી નજર રાખીને એ તથ્ય વાચક વર્ગ સુધી પહોંચાડવાની એની ખેવના હોય છે. આ તથ્યો (ફેકટસ) પત્રકારને વાસ્તવ સાથે જોડી રાખે છે. સાહિત્યનો ઉદ્દેશ સમાચાર કે ઘટનાનો હઅહેવાલ આપવાનો નથી પરંતુ એનો ઉદ્દેશ તો માનવચિત્ત છે. માનવમનનાં અતળ ઊંડાણોને એ તાકવા

મથે છે. કોઈ ખેવનાઘટના પણ જ્યારે સાહિત્યસ્વરુપે પ્રકટે છે ત્યારે એની અભિવ્યકિતથી માંડીને એનું સ્વરુપ તદ્દન જુદું છે. કારણકે સર્જકનેવિગતો અભિપ્રેત નથી. ભાવક સુધી એ અનુભવવિશ્વ પહોંચાડવા મથે છે. આથી કોઈપણ ઘટના કે બનાવ કૃતિ સ્વરુપે આપણી સમક્ષ રજૂ થાય છે ત્યારે સર્જક પ્રતિભાબળે રસોઈને આવે છે. આ ઘટના સર્વસામાન્ય માનવ અનુભવ કે સંવેદનનું રુપ ધરે છે. કોઈપણ કળાનું લક્ષણ સર્વકાલીનતા છે એટલે સાહિત્યકાર વસ્તુસામગ્રીનું સર્વકાલીનઅનુભવમાં રુપાંતર કરે ત્યારે તેનું કળારુપ, આકાર સિધ્ધ થાય છે. કળાકારમાં અપૂર્વ વસ્તુનિર્માણ કરવાની પ્રતિભા, સર્ગશકિત અને ભાષાને પ્રયોજવાની ક્ષામતા હોવાના કારણે સાહિત્ય અને પત્રકારત્વ વચ્ચે ભેદ છે. પત્રકાર 'વાસતવિકતા'ની સંજ્ઞા હેઠળ નકકર હકીકતોનો સમાવેશ કરે છે જ્યારે સાહિત્યમાં ફિકશનથી માંડીને કપોળકલ્પિત સુધી વાસ્તવિકતાના વિભાવને વિસ્તારવામાં આવે છે એ રીતે સાહિત્ય અને પત્રકારત્વનું સત્ય અલગ પ્રવર્તે છે.

સાહિત્ય જેમ જીવનને સ્પર્શે છે તેમ પત્રકારત્વ પણ જીવનને સ્પર્શતુ ક્ષેત્ર છે, પરંતુ અહીં સર્જક પોતાને ઈષ્ટ એવા જીવન વિધાયક દ્રષ્ટિકોણને કેન્દ્રમાં રાખી પ્રાપ્ત થયેલા અનુભવને વિધવિધ કળાપ્રયુકિતઓ દ્વારા અભિવ્યકિત કરી નવું અર્થઘટન સિધ્ધ કરતો હોય છે. આમ, સાહિત્યમાં સર્જકની જીવન સમજણ, સર્જકનો દ્રષ્ટિ-કોણ મહત્વનો છે. જીવનનું અર્થઘટન સર્જક માટે આખરે તો 'સ્વ'નું અર્થઘટન છે. અંગત અનુભવની સચ્ચાઈ કળાત્મક સાહિત્યને નવી જ ઊંચાઈ આપે છે. પત્રકારત્વ જીવનનું અર્થઘટન તો કરે જ છે પરંતુ એ અર્થઘટનની વ્યાપિત સીમીત હોય છે. પત્રકારત્વનું અર્થઘટન સાહિત્યથી જેમ વૈયકિતક ન હોવાથી ચોકકસ સ્થળ અને કાળ પૂરતું મર્યાદિત હોય છે. પત્રકારે તો ઘટનામાં શું બન્યું ? કેવી રીતે બની ? એ બનાવ પાછળનાં પરિબળોને શોધી, પ્રસિધ્ધ કરી સંતોષ માનવો પડે.છે. પત્રકારના રજૂ થયેલા આ પ્રતિભાવો સમાજ માંથી વીણેલા છે જ્યારે સર્જકનાં પ્રતિભાવો અંગત હોય છે.

સાહિત્ય અને પત્રકારત્વે માનવનાં સામુદાયિક જીવન પર દ્રષ્ટિ ઠેરવેલી છે. એ રીતે એ બંનેમાં સમાનતા છે. પત્રકારત્વ સમાજની તવારીખ છે. માનવજીવનમાં

બાહ્ય સંચાલનોને જાણવાની એ ચાવી છે કારણ કે માનવીય પરિસ્થિતિઓ અને જીવન સાથે એનો જીવંત સંપર્ક છે. રોજબરોજની જુદીજુદી પરિસ્થિતિઓને આપણી સમક્ષ તાદૃશ્ય કરે છે. આ રીતે જીવનવિષયક બાહ્ય ગતિવિધિઓની કેળવણી અને તેનું જ્ઞાન માનવસમૂહને મળતું રહે છે.

સાહિત્ય માનવજીવન અને માનવસમાજ ઉપરાંત વિશેષે તો માનવીય સંબંધોને વિષય બનાવે.છે. વાર્તામાં કે નવલકથામાં પાત્રનાં વૈયકિતક સંવેદનો, માનવચિત્તના સંકુલ વ્યાપારો, અન્ય પાત્રો સાથે વ્યકત થતાં આચાર વિચારો અને આસપાસનો માનવસમાજ કળાત્મક રીતે સ્થાન પામતા હોય છે.

દેશ-દુનિયા, પરિસ્થિતિ પરત્વે સાહિત્ય અને પત્રકારત્વની પોતપોતાની આગવી ભૂમિકા છે. ઘટનાનું પૃથક્કરણ કરી પત્રકાર એ ઘટનાની સમીક્ષા કરે છે આ અર્થમાં પત્રકાર વિચારક, સમાજનો મીમાંસક છે. એની કલમ સમાજનાં અનિષ્ટો સામે સતત વિંઝાતી રહે છે એ અર્થમાં એ આંદોલનકાર છે અને એથી જ પત્રકારત્વ મોટું પરિબળ છે. ઉત્તમ પત્રકાર માનવજાતનો હિતેષી અને ક્રાન્તિકારી છે. જ્યારે સર્જક મનીષી છે. એ ક્રાન્તદૃષ્ટા સુધીનો સર્જકનો વ્યાપ છે જ્યારે પત્રકારની પહોંચ સમાચારથી ચિંતક, ક્રાન્તિકારીથી આગળ વધતી નથી.

પત્રકારની આંખ સમક્ષ મર્યાદિત સમૂહ નથી પરંતુ સમગ્ર પજા છે. અને સમગ્ર પ્રજા સુધી પહોંચવા 'સ્વાન્તઃ સુખાય' બનવાનું એને પાલવતું નથી. પ્રજા સમક્ષાને કેન્દ્રમાં રાખવાનાં આ હેતુને લીધે પત્રકારત્વનાં લખાણોને 'છાપાળવું' કહીને આપણે વગોવતા આવ્યા છીએ એ અર્થમાં કે પ્રજાકીય સમૂહને સ્પર્શે એવી અતિરંજકતાની તે ઉપાસના કરે છે. એ કારણે એનું લખાણ ચિરકાલીન બનતું નથી પરંતુ એ સાથે આપણે ત્યાં તેમજ અન્ય પ્રાંતનાં અનેક ઉદાહરણો એવા મળી આવશે કે 'લોક (કલ્યાણ' અને 'સત્ય'ની આરાધના કરતા પત્રકારોએ સમર્થ લખાણોઆપ્યા છે. ગાંધીજી, મેઘાણી, અમૃતલાલ શેઠ, શામળદાસ ગાંધીનાં લખાણો આ કક્ષાએ પહોંચ્યા છે. મોહનલાલ મહેતા કહે છે કે :'સાહિત્યકાર સર્જે છે. પત્રકાર રજૂ કરે છે. પત્રકારે સર્જન કરવાનું નથી. તસવીર લેવાની છે. સાહિત્યસર્જન અને સર્વપ્રકારનું કલાસર્જન સંવેદનમાંથી પ્રગટે.છે. પત્રકારત્વમાં

સંવેદનપ્રકટાવનારા પ્રસંગોનો પરીચય મળે છે પરંતુ તેનું અંતરમું સેવન કરવામાં આવતું નથી. એ મત વિચારણીય છે. કારણકે પત્રકાર માત્ર ઘટનાની તસવીર આપીને અટકી જતો નથી. રજૂ થતી માહિતી ઘટના કે બનાવનાં કારણોનાં મૂળ સુધી જઈ સંવેદન પ્રકટાવતાં અનેક લેખો પ્રત્રકારેત્વે આપ્યા છે. સંવેદન પ્રકટાવનારા પ્રસંગોનો પરિચય એ ઘટનાને અંતરમાં સેવ્યા પછી જ પ્રાપ્ત થતો હોય છે. પત્રકારની કલમમાંથી માત્ર આઘાત-પ્રત્યાઘાત જાગે છે. સંવેદન નહીં એ આપણાં પત્રકારત્વનકે ઈતિહાસ જોતાં વધુ જોશથી નહીં કહી શકાય.

મેથ્યુ આર્નોલ્ડે પત્રકારત્વને 'ઉતાવળે સર્જાયેલું સાહિત્ય' કહ્યું છે. પત્રકારને સાહિત્યકાર જેટલી મોકળાશે કે નિરાંતેજીવે લખવાની અનૂકૂળતા હોતી નથી. સમયનો તકાદો એને હંફાવે છે. લખવા માટે ફરજિયાત પ્રવૃત કરે છે. સર્જક પાસે જેટલી પ્રયોગશીલતા, પસંદગીનું વૈવિધ્ય અને કૃતિને સંપૂર્ણ બનાવવાની છેક ભૂંસનો જે સમય છે એની સામે પત્રકારને ઘડિયાળનાં કાંટા મસામે સતત નજર રાખીને લખવું પડે છે. બજારની માંગનો ખ્યાલ રાખવો પડે છે. તે છતાં એવું માનવામાં જોખમ છે કે સાહિત્યને નામે રચાતું સમગ્ર સાહિત્ય કાળબજારની સામે ચિરસ્થાયી બને છે. અને પત્રકારત્વ આવતીકાલની પસ્તી બની જાય છે. એ ઉતાવળે લખાયું હોય કે નિરાંતે સર્જાયું હોય, પણ પ્રખર પ્રતિભારુપ સર્જકો અને પત્રકારોનું લખાણ હંમેશા ચિરકાલીન છાપ છોડી જતું હોય છે. મુખ્ય સવાલ સર્જક કે પત્રકારતી આંતરસમૃધ્ધિનો છે. એ જેટલી બહુપરિમાણી હશે એટલો જ સાહિત્ય અને પત્રકારત્વનકે લાભ થવાનો સંભવ છે.

સાહિત્ય અને પત્રકારત્વ એકબીજાનાં પૂરક છે. પત્રકારને સાહિત્યનો સંસ્પર્શ સંવેદનશીલ અને વિચારવંત બનાવી શકે એમ પત્રકારત્વ સર્જકને ભાષાનો સચોટ, યથાર્થ ઉપયોગ, લાઘવ અને શિસ્તનાં વર્તુળમાં મૂકી આપે. આ બંને ક્ષેત્રો એકબીજાને પૂરક હોવાથી પરસ્પર અસર કરનારા બન્યા છે. સાહિત્ય અને પત્રકારત્વનો સુયોગ થાય છે ત્યારે સાહિત્ય અને પત્રકારત્વ એ બંને ક્ષેત્રોની સેવા શકય બને છે એમ માનતા કપિલરાય મહેતા નોંધે છે કે : 'સાહિત્ય અને પત્રકારત્વ જુદા છે એમ માનવા કરતા એ બંને સાહિત્યસ્વરૂપો જ છે એમ ગણીએ

તે હવે વધારે ઉચિત છે. પત્રકાર જે લખે તે સાહિત્ય નથી એવી માન્યતા હોય તો તે બરાબર નથી. લગભગ બધી ભાષાઓની જેમ ગુજરાતી ભાષામાં પણ પત્રકારોએ પ્રાણવાન સાહિત્ય સર્જ્યું છે. ભાષાનું ખેડાણ કર્યું છે. શબ્દોને ઘણીવાર વિશિષ્ટ તાકાત આપી છે.[6] યાપિણી ઉદ્દેશી પણ પત્રકારત્વને સાહિત્યનો પ્રકાર ગણે છે. અને સાહિત્યનાં લેશમાત્ર સ્પર્શ વિનાનાં પત્રકારત્વને મીઠા વિનાનાં ભોજન સાથે સરખાવે છે.[7] આમ, મૂળભૂત રીતે તફાવત હોવા છતાં પણ આ ક્ષેત્રો એકબીજાથી ઘણાં નજીક છે. માનવસમૂહનાં અનુભવો સાથે, ભાષાનાં માધ્યમ વડે જ ઘટના અભિવ્યકિત થયેલી હોય અને બંનેનો હેતુ સામે છેડે રહેલા ભાવક કે વાચકને સ્પર્શવાનો હોય ત્યારે એ બંનેની જવાબદારીઓ સંસ્કૃતિક મૂલ્યો નું જતન કરવા, તંદુરસ્ત માનવસમાજની રચના કરવા પાછળ જ ખર્ચાતી હોય છે. ઝવેરચંદ મેઘાણી કહે છે તેમ : ' સાહિત્યદૃષ્ટિ પત્રકારત્વની શત્રુ નથી. દરેક લખાણ છાપાનું કે ચોપડીનું જેટલું સાહિત્યરંગી બનશે તેટલી એની ચોટ વધશે. એની માર્મિકતાનો નવી ધાર ચડશે. એ ધારને સાહિત્યનું પાણી પાનાર નવો લેખકવર્ગ આપણાં પત્રકારત્વમાં જોશભેર દાખલ થઈ રહયો છે એટલે થોડા જ વર્ષો માં આજનાં પત્રકારત્વનો અનેક ત્રુટીઓમાંથી છૂટકારો સંભવિત લાગે છે.[8] અવિનાશી સાહિત્યતત્ત્વની સાથે પત્રકારત્વના ક્ષેત્ર પરની આ આશા ફળદાયી બને એમ કોણ નહીં ઝંખે ?

○ <u>'સાહિત્યિક પત્રકારત્વ' : ભૂમિકા અને સંજ્ઞાચર્ચા.</u>

કયારેક કેટલાંક બિંદુએ સ્પર્શતા સાહિત્ય તેમજ પત્રકારત્વમાં ભિન્નક્ષેત્રો નાં સંદર્ભમાં સાહિત્યિક પત્રકારત્વ એક લાક્ષણિક પરિસ્થિતિનું નિર્માણ કરે છે. સાહિત્યનાં ક્ષેત્રમાં સર્જન, વિવેચનની પ્રક્રિયા ઉપરાંત સામુદાયિક ભૂમિકા એ સાહિત્યના પ્રવાહો, ગતિવિધિ, નવા પરિબળો, પ્રયોગો, આદી સંદર્ભે જે એક પ્રવૃતિ આકાર લે છે એ પ્રવૃતિ સાહિત્યિક પત્રકારત્વ. એવી એક સમજ પ્રવર્તે છે.

પરંતુ વધુ સભાનતાપૂર્વક જોઈએ તો સાહિત્યિક પત્રકારત્વ એ શબ્દગુચ્છ કે એ આખી

સંજ્ઞા આપણને વિચારમાં નાખી દે એવા પ્રશ્નો ઊભા કરે છે. આવું એક વિશેષ ક્ષેત્ર સાહિત્યનાં કે પત્રકારત્વનાં કે માનવવિજ્ઞાનનાં પ્રદેશમાં વિકસ્યું છે ખરું ? કેમ કે પત્રકારત્વ અને સાહિત્ય વિશે જેટલી ચર્ચા વિચારણા થઈ છે એ અંગેનાં જે શાસ્ત્રો રચાયા છે એવું સાહિત્યિક પત્રકારત્વના 'અલગક્ષેત્ર' વિશે બન્યું નથી એટલે કે સાહિત્યિક પત્રકારત્વ એ પત્રકારત્વનાં એક ગૌણ વિભાગ તરીકે વિકસ્યું હોય એવી સમજ બંધાય છે. વર્તમાનપત્રની સાપ્તાહિક પૂર્તિઓમાં અર્થશાસ્ત્ર, આયુર્વેદ, વિજ્ઞાન, સામાજિક વિદ્યાઓ વિશેનાં જે સ્તંભો (કોલમો) ચાલે છે એવી સાહિત્યની પણ ચાલે છે. એટલે કે પત્રકારત્વનો જ આ વ્યાપ ગણાય. હવે આ સંદર્ભે જો સાહિત્યને લગતું પત્રકારત્વ કે સાહિત્ય વિશેનું પત્રકારત્વ એટલે સાહિત્યિક પત્રકારત્વ – એવી વ્યાખ્યા કરીએ તો તરત પ્રશ્ન ઊભો થાય કે તો પછી અર્થશાસ્ત્રીય કે અર્થ-વિષયક પત્રકારત્વ, વિજ્ઞાનલક્ષી પત્રકારત્વ, વૈદકીય પત્રકારત્વ એવા વિભાગો કે ક્ષેત્રો હોઈ શકે ? 'સાહિત્યિક પત્રકારત્વ સંજ્ઞાને પત્રકારત્વને બદલે સાહિત્યનાં ક્ષેત્રમાં મૂકીએ તો સાહિત્યનાં પ્રદેશમાં પ્રવેશેલું પત્રકારત્વ એવી દિશામાં એ સંજ્ઞાનો વિચાર કરવો? આ અંગેની કોઈ નિશ્ચિત શાસ્ત્રીય ચર્ચા થયેલી જાણતી નથી એટલે કંઈક રૂઢ બની હોવા છતાં સાહિત્યિક પત્રકારત્વ એ તરતી (ફ્લોટીંગ) સંજ્ઞા છે. કોઈ મોટા સાહિત્યકારનાં પ્રદાનનાં સંદર્ભે કવિ ઉમાશંકર કે સંશોધક ઉમાશંકરની સાથેસાથે સાહિત્યિક પત્રકાર તરીકે ઉમાશંકર એવા નિર્દેશો પણ જોવા મળે છે એટલે કે એનાં દ્વારા કોઈ પ્રવૃત્તિ-વિશેષને દર્શાવાય છે. વ્યાપકપણે એવી સમજ સ્વીકારીને ચાલી શકાય કે સાહિત્ય લખેલેખનનાં અને સાહિત્યમાંની ગતિવિધિનાં પ્રસાર માટે પત્રકારત્વ પ્રકારનાં માધ્યમનો જેમાં ઉપયોગ થાય એવી એક પ્રવૃત્તિ એટલે સાહિત્યિક પત્રકારત્વ. આમ, સાહિત્યિક પત્રકારત્વ એક પ્રવૃત્તિ છે જેનો પહેલો અર્થ 'સાહિત્યને લગતું- ને વિશેનું પત્રકારત્વ' એવો સમજાય. આગળ વધીને એમ પણ કહી શકાય કે સાહિત્યની સામગ્રીનો ઝડપથી અને વ્યાપક પ્રસાર-પ્રચાર કરે તેવું પત્રકારત્વ. બીજા અર્થમાં સાહિત્યની છાપવાળું સાહિત્યરંગી કે સાહિત્યધર્મી પત્રકારત્વ, ત્રીજા અર્થ પ્રમાણે સાહિત્યની વાત કરતું, સાહિત્યને વિષય બનાવતું અને કશીક વૈયક્તિક અનિવાર્યતામાં થી જન્મતું પત્રકારત્વ. પરંતુ

સાહિત્યિક પત્રકારત્વનો આપણને અભિપ્રેત ઉદ્દિષ્ટ અર્થ એ છે કે સાહિત્યના પ્રસાર માટે થતો પત્રકારત્વનો ઉપયોગ. અર્થાત્ પત્રકારત્વમાં માધ્યમનો સાહિત્યે કરેલો ઉપયોગ. આમ, સાહિત્યિક પ્રત્રકારષ્વ સાહિત્યિક રીતીએ ખેડાતું પત્રકારત્વ છે. સાહિત્યિક પત્રકારત્વ સાહિત્ય અને સાહિત્યરસિકો વચ્ચે એક સંપર્ક તંતુ ઉભો કરે છે તેમજ સાહિત્યના ભાવકો અને જાણકારોમાં સાહિત્ય વિશેની વિશેષ સંપ્રજ્ઞતા ઊભી કરી આપે છે.

સાહિત્ય પરીષદનાં અધિવેશનોમાં થયેલી પત્રકારત્વ વિભાગની કે પત્રકાર પરિષદની ચર્ચાઓ જોતાં પણ ખ્યાલ આવશે કે આ વિભાગ તળે 'પત્રકારત્વ' સંજ્ઞામાં જ ખખબાર તેમ સામયિકપ્રવૃત્તિનો જોડાજોડવિચાર થયો છે. એ તો સ્પષ્ટ વાત છે કે અખબારનાં પત્રકારત્વ કરતાં સાહિત્યિક પત્રકારત્વની દિશા અને સ્વરૂપ તદ્દન ભિન્ન પ્રવર્તે છે. ત્યારે એ બંને પ્રવૃત્તિઓ એક જ માધ્યમે, મુદ્રણ યંત્રની સહાય વડે પ્રજા સમક્ષ પહોંચતી હોવા છતાં બંનેનાં હેતુપ્રયોજનો અલગ અલગ દિશાનાં છે. હોવા જોઈએ. મોહનલાલ મહેતાએ ગુજરાતી સાહિત્ય પરિષદનાં બાવીસમાં સંમેલનમાં પત્રકારત્વ વિભાગનાં અધ્યક્ષ સ્થાનેથી 'પત્રકારત્વની' વ્યાખ્યાને વિસ્તારવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો: 'પત્રકારત્વ એવા શબ્દના ઉચ્ચાર સાથે આપણી નજર સામે સર્વપ્રથમ દૈનિકપત્ર આવે છે. વર્તમાનપત્રનો અર્થ સમાચાર પત્ર થાય છે એટલે દૈનિકની કલ્પના યથાર્થ પણ બની રહે છે. પરંતુ સાહિત્યપરિષદે યોજેલા આ વિભાગમાં એવી કોઈ મર્યાદા સ્વીકારવામાં આવી હોય એમ જણાતું નથી. અને એ ઉચિત જ થયું છે એમ મારું માનવું છે. સમાચારને પણ કેવળ રાજકારણ, અર્થકારણ કે વ્યકિત, સમાજ, દેશ કે દુનિયા સાથે સંબંધ ધરાવતા ચોંકાવનારા બનાવોમાં મર્યાદિત ન કરતાં તેનું ફલક પણ સાહિત્ય, કલા, ધર્મ, વિજ્ઞાન, નાટક, સિનેમા, રમતગમત વગેરે અનેકવિધ પ્રવૃત્તિઓ સુધી વિસ્તરે અને સાપ્તાહિકો, માસિકોનો વગેરેનો પણ તેમાં સમાવેશ થાય તે યોગ્ય જ છે.

અહીં પત્રકારત્વનો છેડો સાહિત્ય, કલાના, ક્ષેત્ર સુધી વિસ્તરે છે ખરો પરંતુ એ સાપ્તાહિકો- માસિકોનાં પત્રકારત્વને પણ દૈનિકપત્રોનાં પત્રકારત્વની

શૈલીમાં સીમિત રાખે છે. આનું એક કારણ એ પણ છે કે પાશ્ચાત્ય દેશોમાં યંત્રોની શોધ, ઔદ્યોગિક ક્રાન્તિ, મુદ્રણ યંત્રની શોધ, પુસ્તકનું પ્રકાશન, ચોપાનિયા પછી વર્તમાનપત્રોનું પ્રકાશન અને ત્યારબાદ સામયિકોનું પ્રકાશન એમ એક કરતાં વધુ તબક્કામાંથી પસાર થયા બાદ સાહિત્યિક પત્રકારત્વનો ઉદ્ભવ અને વિકાસ થયો છે. આ પ્રકારની તબક્કાવાર પ્રક્રિયા આપણે ત્યાં થઈ નથી. આપણે ત્યાં ૧૯મી સદીનાં પૂર્વાર્ધને અંતે મુદ્રણયંત્ર આવ્યું. એ સાથે જ વર્તમાનપત્રો અને વિવિધ વિષયનાં સામયિકો તેમજ પુસ્તકોના નમૂના ( મોડેલ્સ ) પણ અંગ્રેજીમાંથી તૈયાર મળ્યા. એટલે પત્રકારત્વનો આરંભ અને વિકાસ એક સાથે – સમાન્તરે થયા જેમ કે ગુજરાતીમાં મુંબઈથી પ્રકાશિત થયેલું સાપ્તાહિક વર્તમાનપત્ર 'શ્રી મુમબાઈના સમાચાર' (૧૮૨૨) પછીનાં ટૂંકાગાળામાં તો 'બુધ્ધિપ્રકાશ' (૧૮૫૦) જેવા સાહિત્યનાં સામયિકનું પ્રકાશન થવા લાગ્યું હતું અને તુરતમાં જ આ પ્રવૃત્તિએ 'સત્યપ્રકાશ' (૧૮૫૫) અને 'ડાંડિયો' (૬ ૧૮૬૪) જેવાં સામયિકો ધ્વારા વેગ પકડયો છે. પત્રકારત્વ અને સાહિત્યિક પત્રકારત્વની ભૂમિકા સમાન્તરે શરુ થવાને કારણે એની ચર્ચા હંમેશા પત્રકારત્વ સાથે જોડવામાં આવતી રહી છે. સાહિત્યિક પત્રકારત્વની લાક્ષણિકતાને ધ્યાનમાં લઈને તેની સંજ્ઞાનો વિચાર કરવો ઘટે. કારણ કે સાહિત્યિક પત્રકારત્વ નિશ્ચિત બિંદુ થી આરંભાતું હોય છે. અને તેમાં એક પ્રકારની અલગ ત્ર વ્યવસ્થા અપેક્ષિત છે. હેતુઓની સમાનતા કહો કે પ્રતિબધ્ધતાની અપેક્ષા તેમાં જરુરી હોય છે.

આમ પણ, પત્રકારત્વનો જયારે આરંભ થયો ત્યારે સમાજજીવનનાં અને સામાજિક સંસ્થાઓનાં સમાચારોનું પ્રાધાન્ય હતુ. એ પણ રાજકીય પ્રભાવ વધતાં રાજકારણની ઘટનાઓએ મહત્વનું સ્થાન પ્રાપ્ત કરી લીધું. પરંતુ માનવજીવન આ બે ક્ષેત્રો પૂરતું મર્યાદિત હોતું નથી, હોઈ શકે નહીં. જીવનનાં નવાં નવા ક્ષેત્રો જ્ઞાન વિસ્તાર અને જરુરિયાતોને કારણે વિકસતા હોય છે. આ ક્ષેત્રો વચ્ચેનાં આદાન-પ્રદાનને લીધે પત્રકારત્વનાં ક્ષેત્રમાં એક નવી ભૂમિકા ઉદ્ભવી. પત્રકારત્વનું ક્ષેત્ર વ્યાપક બન્યું. નિરંતર વિકસતી જતી માનવવિદ્યા શાખાઓનું મહત્વ પ્રમાણીને પત્રકારત્વે વિવિધ પ્રવૃત્તિઓ આરંભી અને એના પરિણામે વર્તમાનપત્રોનું માળખું બદલાતું ગયું. આજના પત્રકારને વાસુદેવ મહેતા એટલે જ 'બ્રેઈન સ્ટોર'

નાં સ્વરુપ જેવું લેખે છે.[૧૦] માત્ર સમાચાર જ નહીં પણ વૈદ્ય, જ્યોતિષી, સાધુઓ અને ડોકટરોની હાટડી વર્તમાનપત્રે 'ચાલે છે તો ચલાવો'નાં ન્યાયે ખોલી આપી છે. તજ્જ્ઞલક્ષી પત્રકારત્વની એ વિકસિત પરંપરા છે.

○ તજ્જ્ઞલક્ષી પત્રકારત્વ :

પ્રથમ તો દર સપ્તાહે પ્રકાશિત થતી વિશિષ્ટ પૂર્તિ વિશેષાનો એક પ્રકાર શકય બન્યો. તેનું નિરુપણ સક્ષમ બને એ માટે તજ્જ્ઞોની સેવાઓ લેવામાં આવી. જીવનમાં સમયાંતરે ઊભી થતી રહેલી આર્થિક, ધાર્મિક, સામાજિક, કળાકીય અને વૈજ્ઞાનીક જેવી સમસ્યાઓ મૂંઝવણનો વિષય બનતી હોય છે. એ માટેની માહિતી અને એ ક્ષેત્રની પ્રગતિથી મનુષ્ય સમાજ વાકેફ થવા ઈચ્છે છે.અને તેની પ્રતિક્રીયા માટે પણ ઉત્સુક બને છે. આના લીધે દૈનિકપત્રનું બીજુ એક પાસું સામયિકતાનો ઉદ્ભવ થયો. અખબારોમાં જીવનનાં જુદાજુદા વિષયોનું વાંચન એક પાનામાં પૂરું પાડવામાં આવતું. દર સપ્તાહે મળતા આવા સીમિત વાચન થી વાચક સંતુષ્ટ થવાના બદલે વિષયસંદર્ભે નવું ને નવું જાણવાની આતુરતા દર્શાવતો થયો અર્થાત્ કે માણસની આંતરિક જરુરિયાતમાંથી સામયિક પત્રકારત્વનો વિકાસ થયો. આ રીતે તજ્જ્ઞલક્ષી પત્રકારત્વનાં ક્ષેત્ર અન્તગર્ત સાહિત્યિક પત્રકારત્વને આપણે મૂકવું જોઈએ.

○ વસ્તુવિષયલક્ષી પત્રકારત્વ:

તજ્જ્ઞલક્ષી પત્રકારત્વનાં ઉપવિભાગ તરીકે જે પ્રકારવિકસ્યો તેને વસ્તુવિષય લક્ષી પત્રકારત્વ ગણી શકાય. માનવ સંસ્કૃતિનાં જેટલા ક્ષેત્રો છે એ ક્ષેત્રનાં વિષયો પ્રમાણે વિષયલક્ષી પત્રકારત્વ વિકસ્યુ છે. જેમ કે કૃષિવિષયક સાપ્તાહિકો- સામયિકો ('કૃષિજીવન', 'ગ્રામવિકાસ') અર્થશાસ્ત્રને લગતાં (ઈકોનોમિક ટાઈમ્સ', અર્થસંકલન' વ.) સામયિકો, વિજ્ઞાનવિષયક (સ્કોપ), શિક્ષણ વિષયક (દ્રષ્ટિ), ધર્મચિંતન વિષયક('જનકલ્યાણ', 'ધર્મસંદેશ', 'પરમાર્થ' આદિ) અને સાહિત્યવિષયક – જેની વિગતે ચર્ચા આગળ કરી છે.

આ પ્રકારનાં સામયિકોમાં વિષય નિરુપણ કરતી વ્યકિતઓ પોતપોતાના

ક્ષેત્રની તજ્જ્ઞ હોય છે. તેઓ માહિતી એકત્ર કરી પ્રશ્નો સાર્ગસિમ્ગ્રલક્ષી વિચાર કરી કેવળ માહિતી (અહીં પણ જ્ઞાનલક્ષીચર્ચા ચર્ચા મૂકી આપે છે. જે - તે વિષયમાં થતું પ્રત્યક્ષ કાર્ય, પરિચય, દિશા, ભાવદિશાને સ્પર્શતી બાબતો તજ્જ્ઞો દ્વારા ચર્ચાતી હોય છે. વિષયલક્ષી પત્રકારત્વની આ પ્રકારની ભૂમિકા રહેલી છે એનો એક વિશેષ વાચકવર્ગ ઉપરાંત કેટલાંક સર્વસામાન્ય જિજ્ઞાસુઓ હોય છે.

સાહિત્ય અને પત્રકારત્વ બંને સામસામેનાં છેડાની પ્રવૃત્તિ છે. આ બંનેને જોડનાર સ્વરુપ સાહિત્યીક પત્રકારત્વ છે. હેતુની વિભિન્નતાથી આ પ્રવૃત્તિઓ જુદી પડે છે. પત્રકારત્વનો હેતુ માહિતીપ્રસારણનો છે. જ્ઞાનવિતરણનો છે જ્યારે સાહિત્યિક પત્રકારત્વનો હેતુ માહિતીનાં પ્રસારનો તો ખરો જ પણ અભિવ્યક્તિની વિશિ વિશિષ્ટતાની પણ તેમાં અપેક્ષા રહે છે.

'સાહિત્યીક પત્રકારત્વ' એ સંજ્ઞા જ તેનો વિશેષ સૂચિત કરે છે. તેમાં સાહિત્યકતાનો ગુણ ઉપરાંત ભાષા કૌશલ વિશેની સભાનતા પણ અપેક્ષિત છે.

o <u>સાહિત્યિક પત્રકારત્વ - બે મુખ્ય દિશાઓ : (૧) વર્તમાનપત્રનાં સ્તંભો (૨) સામયિકો</u>.

૧. <u>વર્તમાનપત્રનાં સ્તંભો</u> :

આપણાં તમામ વર્તમાનપત્રો રવિવારની સાપ્તાહિક પ્રવૃત્તિની સાથે હવે તો સપ્તાહમાં બે - ત્રણ વાર જુદાં જુદા નામે પૂર્તિઓ પ્રકાશિત કરીને ગ્રાહકવર્ગ કેળવી રહ્યા છે. આ વ્યાપક પ્રસાર (બાઈંડર સરકયુલેશન)નાં માધ્યમનો (વર્તમાનપત્ર વ.નો) પણ સાહિત્યે કેટલો ઉપયોગ હઅહીં કેન્દ્રમાં છે. લગભગ બધી જ પૂર્તિઓમાં નવલકથા, નવલિકા, નિબંધ, પ્રવાસ, ચિંતન જેવા અનેક વિષયો અનિવાર્ય બની ગયા છે. પરંતુ સાહિત્યની આ કૃતિઓ 'પ્રકટ' કરવાથી સાહિતિયક પત્રકારત્વનો ઉદ્દેશ સિધ્ધ થતો નથી. કારણકે જ્યોતિષ આયુર્વેદ કે રાજકારણની જેમ 'સાહિત્ય' પણ તેનો એક વિષય છે. માત્ર સાહિત્ય આરાધવાની કે એમના ગંભીર પશ્નોની ચર્ચા-વિચારણા કરવા માટે બહુ ઓછા વર્તમાનપત્રો આગળ આવ્યા છે. જેમ કે 'જન્મભૂમિ' દ્વારા મેઘાણીએ અને એ પછી કૃષ્ણવીર દીક્ષિતે 'કલમ અને કિતાબ'માં સાહિત્ય

વિષયક અનેક ચર્ચાઓ છેડેલી છે. 'કલમ અને કિતાબ' સ્તંભે પ્રજાની સાહિત્ય રુચિને બળવત્તર બનાવવાનું કામ દાયકાઓ સુધી કર્યું. આ વર્તમાનપત્રની એક વિશેષ ભેટ કહી શકાય. પ્રવર્તમાન સમયમાં રમણલાલ જોશી (સમભાવ,ફૂલછાબ), શિરીષ પંચાલ(નૂતનગુજરાત), યશવંતદોશી (સમકાલીન), વિનોદ જોશી (સૌરાષ્ટ્ર સમાચાર)માં જે ચર્ચા-વિચારણા મૂકી આપે છે એ સાહિત્યિક પત્રકારત્વનાં ક્ષેત્રમાં આવે. લોકપ્રિયતાનાં માપદંડે જ ચાલતી પૂર્તિઓ-વિભાગની પ્રવૃત્તિઓને કારણે વ્યાપક રીતે આપણે ત્યાં આવા સ્તંભોનો સ્વીકાર થયેલો નથી.

૨. <u>સામયિકો : કેવળ સાહિત્યિક પત્રકારત્વ.</u>

વ્યાપક અર્થમાં સાહિત્યિક સામયિકનો સંબંધ સાહિત્યિક પત્રકારત્વ સાથે વિશેષ છે એટલે કે સાહિત્યિક પત્રકારત્વનું સ્વરૂપ જો સ્પષ્ટ રીતે ઉઘડતું હોય તો તે સામયિકમાં જ ઉઘડતું હોય છે.

વડોદરામાં મળેલી ૪થી ગુજરાતી સાહિત્ય પરિષદ વખતે 'સાહિત્યનો પ્રચાર જનસમૂહમાં શી રીતે થાય ? એ વિષય પર ચાલેલી ચર્ચવિચારણાએ વિદ્યાગૌરી નિલકંઠે કહ્યું હતુ કે : ' સાહિત્યનો પ્રચાર કરવા માટે માસિકોનું સાધન સૌથી સબળ છે.' ૧૧

સાહિત્યિક સામયિક આદર્શ હોય તો એમાં પ્રકટતા લખાણો દ્વારા વધુમાં વધુ સાહિત્યમાં રસ લેતા વર્ગને માટે એ નક્કર પ્રદાન રચી શકે. સાહિત્યનાં પ્રચાર અંગેનાં અન્ય સમાધ્યમોની તુલનાએ સામયિકો એકંદરે ઓછા મૂલ્યે વેચી શકાય છે અને નજીવી કિંમતે વાંચી શકાય છે. જો કે આજની મોંઘવારીમાં 'વદ્યપર્વ' ત્રૈમાસિકનાં એક અંકની કિંમત ૨૩ રૂપિયા જેવી થવા જાય છે ! પરંતુ એ સાથે કહેવું જોઈએ કે અંગ્રેજી 'ફેમીના' અને 'સોસાયટી' જેવા લોકપ્રીય સામયિકોનાં એક અંકની કિંમત ૨૦ રૂપિયા છે. ત્રણ-સાડાત્રણ લાખનો ફેલાવો ધરાવતાં 'ચિત્રલેખા', 'અભિયાન' જેવા ગુજરાતી લોકપ્રીય સાપ્તાહિકોનો એક અંક છ રૂપિયા જેવી કિંમત ધરાવતો હોય ત્યારે આપણાં સાહિત્યિક સામયિકોનાં બાર અંકોનું લવાજમ રૂ. ૫૦ થી ૧૦૦ સુધીમાં સમાઈ જાય છે. ૧૯૧૬માં પ્રકટેલાં 'વીસમી સદી'નું લવાજમ, એ સમયગાળાનાં ગુજરાતી

સાહિત્યિક સામયિકોમાં પણ સૌથી વધુ, ૭ રુપિયા હતું. પણ એની સામે અંગ્રેજી મતિસામયિક 'નેશ' નવ રુપિયાનું લવાજમ ધરાવતું હતું.

સામયિકને અન્ય માધ્યમોનાં કાર્યક્રમો કે ચલચિત્રથી ઓછા શ્રમે તૈયાર કરી શકાય છે પરંતુ એનો અર્થ એવો નથી કે તંત્રીનું કામ માત્ર જુદા જુદા લેખકો પાસેથી મેળવેલા લેખો પ્રેસને સોંપવાનું છે ! પાયાની સાહિત્ય પ્રવૃત્તિ માટે સંપાદકે-તંત્રીએ આકરી કસોટીમાંથી પસાર થવાનું રહે છે. બીજા સાધનોની તુલનાએ ઓછા સમયની ભોગે વિવિધ સાહિત્યને સામયિક દ્વારા ફેલાવી શકાય છે.

મુદ્રણ અને ભાષાની ખેવના જેટલી સામયિકોમાં મળશે એટલી ખેવના અખબારો જાળવી શકતાં નથી. બળવંતરાય ઠાકોરે પોતાનો એક લેખ એક સાપ્તાહિકનાં નૂતનવર્ષાનાં અંક માટે મોકલવાની સાથે 'પ્રસ્થાન'ને પણ એટલા માટે મોકલેલો કે ' સાહિત્ય રસિકોનો વર્ગ હો ખાસ વધે' વિચારે, વળી, માસિકોનાં અંક લાંબા સમય સુધી સાચવવાને અને ઘણાને વાંચવાને માટે સુગમ પડે છે તથા મુદ્રણની શુધ્ધિ અને સફાઈમાં પણ ચઢીયાતા હોય છે.[૧૨]

o <u>સાહિત્ય સામયિકો : પ્રકાર</u>

સાહિત્યિક સામયિકોને પ્રકટ થતી સામગ્રીનાં સંદર્ભે વિવિધ પ્રકારેમાં વિભાજીત કરીને જોઈ શકાય છે.
આવા સામગ્રી વૈવિધ્યમાં મૂળભૂત રીતે તો સામયિક શરુ કરનારા સંપાદક કે તંત્રી મંડળનાં હેતુ ઓ અને ઉદ્દેશોનું પ્રતિબિંબ પડેલું જોવા મળે છે. આવા સામયિકો નાં વિષયવસ્તુને લક્ષમાં લેતાં એમને નીચે મુજબનાં વિભાગોમાં વિભાજીત કરી શકાય.

૧. મુખ્યત્વે સાહિત્યને અને ગૌણભાવે અન્ય વિષયોને આવરી લેનારાં.
૨. કેવળ સાહિત્યની ચર્ચા કરનારા-શુધ્ધ સાહિત્યિક.
૩. વિષય વિશેષનાં સામયિકો.

સામયિકનો પહેલો અને શરુઆતનો સંબંધ પ્લાનેડ પીરીઓડીકલ્સ-આયોજનબધ્ધ સામયિકો અથવા 'પીરીઓડીકલ્સ વીથ અ પર્પઝ' - હેતુલક્ષી સામયિકો.

સાથે રહેલો છે. આવા હેતુલક્ષી અને ચોકકસ આયોજન ધરાવતા સંગીન સામયિકોએ સમાજના રીતરિવાજે જડ રુઢિગ્રાઢ કઢ વહેમ જેવન સામે અવાજ ઉઠાવીને માનવજીવનને સુચારુ બનાવવા માટેની અનેક વિચારણાઓ આપી છે. 'ડાંડિયો'નું મુખ્ય ધ્યેય સમાજ સુધારો હતું. 'સત્યપ્રકાશ' ધર્મસુધારાને અને 'શાળાપત્ર' કેળવણી સુધારાને પોતાનું ધ્યેય માનીને પ્રકટ થતું હતું. વીસમી સદીના 'ગુજરાતી, 'નવજીવન' અને 'યુગધર્મ' જેવા સામયિકની સામે વ્યાપક પત્રકારત્વનો આદર્શ પણ આજ કારણે રહયા જણાય છે.

પત્રકારત્વ જેમ નિયમિત રીતે-વ્યાપકતાથી અને ઝડપથી રોજબરોજની ઘટનાઓ સમૂહ સુધી પહોંચાડે છે. રાજકીય, સામાજિક, આર્થિક, શૈક્ષણિક જેવા અનેક ક્ષેત્રનાં સમાચારો વિગતોનાં પ્રવાહોથી લોકોને પરિચિત રાખે છે એ જ રીતે વિચારપત્રો (નિરીક્ષક, ભૂમિપુત્ર વ.) નિયમિત અને વ્યાપક પણે વિચારણાઓ મૂકી આપતા હોય છે. સાહિત્ય વિભાગને એમાં સ્થાન આપીને સાહિત્ય ચર્ચાઓ, પ્રવાહો અને પ્રવૃત્તિઓથી સાહિત્ય રસિકોને એ સતત પરિચિત રાખે છે. સાંપ્રત વિચારોની છણાવટો આવા સામયિકનાં કેન્દ્રમાં હોય છે. અલબત્ત, આ વ્યાપકતા વૃત્તપત્ર જેટલી નથી હોતી પણ સરખામણીમાં પુસ્તકો કરતાં વધુ હોય છે.

મુખ્યત્વે સાહિત્યને અને ગૌણભાવે અન્ય વિષયોને આવરી લેનારા સામયિકોનું ફલક સાહિત્યનાં વ્યાપક, સામાન્ય પરિસ્થિતિથી માંડીને સાહિત્યનાં મૂલ્યાંકન સુધી વિસ્તરેલું હોય છે. જેમ કે 'નવચેતન','અખંડ આનંદ', 'નવનીત-સમર્પણ જેવાં સામયિકો દ્વારા સાહિત્યનો એક સર્વસામાન્ય ખ્યાલ મળતો હોય છે. સામગ્રીનાં ચયન અને પ્રકાશનની બાબતમાં વાચક વર્ગનો વિશેષ ખ્યાલ રાખવામાં આવતો હોય છે. એટલે કે આ પ્રકારનાં સામયિકો સાહિત્યલક્ષી તો હોય જ છે પરંતુ એ સાહિત્યનું લક્ષ્ય વ્યાપક રહયું હોય છે.

સાહિત્યિક સામયિકો એક સર્વભોગ્ય સ્વરુપથી માંડીને સાહિત્યની વિશેષજ્ઞતા સુધીનો વ્યાપ પણ ધરાવતાં હોય છે. આવા સામયિકો જીવનલક્ષીને બદલે

સાહિત્યિક દ્રષ્ટિને પ્રાધાન્ય આપતાં હોય છે. જેના પ્રકાશનમાં સંપાદકની પ્રતિભા કેન્દ્રમાં રહેતી હોય છે. 'મનન નોંધ', 'સંપાદકીય', પ્રત્યલક્ષી' અને 'છેલ્લે' જેવી સંપાદકીય નોંધમાં તેમ સામયિકોમાં પ્રકટ થતી સામગ્રી દ્વારા સંપાદકીય વલણને સુપેરે પરિચય પ્રાપ્ત થતો રહેતો હોય છે. કેવળ સાહિત્યની ચર્ચા કરનારા શુધ્ધ સાહિત્યિક સામયિકોની આપણી પરંપરા માતબર છે. સુરેશ જોષીના 'વાણી'થી માંડીને 'એતદ્', ઉમાશંકરનું 'સંસ્કૃતિ' અને આજના 'કંકાવટી', તાદર્થ્ય', 'દસમો દાયકો' જેવા સમ સામયિકોમાં સર્જન - વિવેચન- સંશોધન એક સાથે જોવા મળે છે. પુરાકલ્પન, પ્રતીક, કલ્પન જેવી સંજ્ઞાઓની ચર્ચાઓ, કૃતિનિષ્ઠ, પ્રકારનિષ્ઠ, તુલનાત્મક અને સંરચનાવાદી જેવા વિવેચનનાં વિવિધ અભિગમોની માહિતી, સાહિત્ય અંતગર્ત ગદ્યપદ્યનાં જુદાં જુદાં સ્વરુપોમાં રહેલી કળાત્મક શક્યતાઓને લગતી વિશેષ અભિજ્ઞતા શુધ્ધ સાહિત્યક સામયિકોમાં સ્થાન પામતી હોય છે.

શુધ્ધ સાહિત્યિક સામયિકો અંતર્ગત કોઈ એક જ સાહિત્ય સ્વરુપને કેન્દ્રમાં રાખીને સામયિક પ્રકટ કરવાનું વલણ પણ જોઈ શકાય છે. આવા ત્રવષય વિશેષ સામયિકોની સંખ્યા પણ આપણે ત્યાં વિપુલ છે. જેમ કે ૧૯૨૫ના સમયગાળામાં કવિતાનું સામયિક 'ઉર્મિ' પ્રકટ થયેલું. જ્યારે આજના 'કી'કવિલોક', 'કવિતા' માત્ર કાવ્યપ્રવાહને મૂકી આપે છે. 'ફાર્બસ ત્રૈમાસિક' કેવળ વિવેચનનું સામયિક તો'ગદ્યપર્વ' કેવળ ગદ્ય સાહિત્યને પ્રકટ કરતું સામયિક છે. 'ગ્રંથ' કેવળ પુસ્તક સમીક્ષાનું સામયિક હતું. 'પ્રત્યક્ષ' ત્રૈમાસિકે 'ગ્રંથ'ની પરંપરાને પુષ્ટ કરીને આજે પુસ્તક સમીક્ષાનાં સામયિક તરીકે પોતાનું સ્થાન દ્રઢ કરીલીધું છે.

૦ <u>સાહિત્યિક સંસ્થાઓનાં સામયિકો</u> :

સાહિત્ય સંસ્થાઓની, સાહિત્યની વિવિધ ક્ષેત્રની પ્રવૃત્તિઓને ચીંધતા સમાચારો પણ સાહિત્યિક સામયિકોમાં પ્રકટ થતાં હોય છે. સાહિત્યક્ષેત્ર ની પ્રવૃત્તિઓ જેવી કે સંમેલન, પરિસંવાદ, અધિવેશન, વ્યાખ્યાનમાળા, ચર્ચા સભાઓની જેમ સામયિકનું પ્રકાશન પણ સાહિત્યિક સંસ્થાઓનું મહત્વનું કાર્ય

છે જેને એક પ્રકારની સાહિત્યિક પ્રવૃતિ તરીકે ઓળખાવી શકાય. આમ, સાહિત્યિક સામયિકોનું ફલક વિગતોનાં પ્રકાશનથી માંડીને વિગતોની ગુણવત્તા સુધી વિસ્તરેલું હોય છે. સંસ્થાકીય પ્રવૃતિનાં પ્રચાર અને પ્રસાર માટે પ્રકટ થયેલા મુખપત્ર માં સાહિત્યસંસદનાં 'ગુજરાત'ને યાદ કરવું ઘટે તો આજનાં સમયે ગુજરાતી સાહીત્ય પરિષદનું 'પરબ' અને ગુજરાત સાહિત્ય અકાદમીનું 'શબ્દસૃષ્ટિ' જે-તે સંસ્થાઓનાં મુખપત્રો છે. પરીષદની પ્રકાશન પ્રવૃતિ, પ્રમુખ ચૂંટણી, મધ્યસ્થ સમિતિની કાર્યવાહી, વ્યાખ્યાન માળાઓ, પરિસંવાદો અને જ્ઞાનસત્રો-અધિવેશનોની પ્રવૃતિ નોંધ 'પરબ'માં પ્રસિધ્ધ થતી રહે છે તો સર્જાતું સાહિત્ય પણ એમાં પ્રકાશિત થાય છે. એક અર્થમાં આ સંસ્થાકીય સામયિકનું વલણ કોઈ નિશ્ચિત (પીનપોઈન્ટ) તરફ ગતિ કરતું હોતું નથી. અને તેમાં સંપાદક કરતાં તંત્રીનું મહત્વ વધારે હોય છે.

o <u>સામયિક નીતિ- (પોલીસી)</u>

સાહિતિયક સામયિક એક પ્રકારની સાહિત્યિક પ્રવૃતિ હોવાનાં કારણે કોઈ એક વ્યકિત(કે બે-ત્રણ વ્યકિત) સામયિકનું નિયમન કરે છે. આ સંપાદક કે તંત્રીનાં મનમાં સાહિત્ય વિશેનું કોઈ એક નિશ્ચિત તીવ્ર વલણ હોય છે. એ વલણ હોય છે. એ વલણને વ્યાપકરુપે ચરિતાર્થ કરવા, આકાર આપવા માટે સામયિકનું પ્રકાશન કરવામાં આવતું હોય છે. અને તંત્રીનાં દ્રષ્ટિકોણ પ્રમાણે સામયિકનાં લે-આઉટથી માંડીને સામગ્રીનાં પ્રકાશન સુધીનું સ્વરુપ ઘડાતું હોય છે. 'સંસ્કૃતિ' નું આખુયે કલેવર ઉમાશંકરનાં દ્રષ્ટિકોણથી વિકસિત થયેલું જોઈ શકાય છે.

પસંદગીપૂર્વકનો વાચકવર્ગ અને તદ્દન ઓછો ફેલાવો ધરાવો ધરાવતાં આવા સામયિકો દીર્ઘાયુષી બનવાની ઝંખના સેવે તો પણ એ ફળીભૂત થવાની ઝાઝી અપેક્ષા રાખી શકાતી નથી. '-સદી' તેમજ 'ગુજરાત'ની પહેલા પ્રકટ થયેલા 'બુધ્ધિપ્રકાશ' અને સમાંતરે પ્રકટ થયેલા 'નવચેતન'માં સમયાંતરે સંપાદકો બદલાતાં રહ્યા છે પરંતુ પરંપરાથી ચાલતા આ સામયિકો આજનાં સાહિત્યિક વાતાવરણ નો કોઈ મિજાજ પ્રદર્શિત કરવાનાં બદલે સ માત્ર હાજરી પૂરાવવાં જીવતાં રહ્યા જણાય છે. એની સામે કેટલાંક સામયિકો પોતાનું નિશ્ચિત ધ્યેય પૂર્ણ કરીને નવાં જ અવતારે પ્રકટ થતાં હોય છે. સુરેશ જોશીએ 'વાણી', 'મનીષા', 'ક્ષિતિજ', ઉહાપોહ', એતદ્' જેવા સામયિકોની એક પરંપરા આપી. એમાં

આગળનું સામયિક બંધ કરીને નવા સામયિકને અવતરવાનું કોઈ ચોક્કસ ધ્યેય રહેલું છે. માત્ર વિદ્રોહાત્મક સાહિત્યને પ્રકટ કરવા માટે જ સામયિક ચાલતાં હોય એવી ઘટનાઓ પણ આપણે ત્યાં ઓછી નથી. જેમ કે 'રેમઠ'નાં વિદ્રોહી કવિઓ ધ્વારા પ્રકટ થયેલાં 'રે', 'કૃતિ' કે 'વૃશ્ચિક' જેવા સામયિકો વિદ્રોહી ચળવળો માટે આપણે ત્યાં પ્રસિધ્ધ છે. સાહિત્યક્ષેત્રમાં નવાં વલણો અને આધુનિકતાને પ્રકટાવવાનું આવા જૂથનું ધ્યેય હોય છે.

જેમ અખબાર તેમ સાહિત્યિક સામયિક પણ કોઈ નિશ્ચિત ચોક્કસ નીતિને વરેલું હોય છે એની પ્રસિધ્ધિ પાછળ સ્પષ્ટ દ્રષ્ટિકોણ ઉદ્દેશો અને પ્રયોજનો રહેલા હોય છે. ચંપશી ઉદ્દેશીએ કહ્યું છે એમ હેતુ વિનાનું પત્ર એ છાપેલા નિર્જીવ કાગળોની એક થોકડી જ છે.[13]

સામયિકની નીતિનું નિર્માણ આમ તો સંપાદકનાં વલણમાંથીજ પ્રકટતું હોય છે. એટલે કે સંપાદકનું વલણ જ સામયિકની નીતિ નક્કી કરવામાં મહત્વનું બની રહેતું હોય છે. આ કારણે સંપાદકની સાહિત્યરૂચિ જેટલા ઉંચા બરની ઘડાયેલી હોય એનો બહુપરિમાણી લાભ સામયિક પામતું હોય છે. સામયિકનું પ્રકાર વૈવિધ્ય પણ ઘડાયેલી નીતિનાં પરિણામરુપ છે. 'ચ્દ્યપર્વ'નાં જન્મ પાછળ 'વિદ્યાપીઠો'નાં વિધ્વાનો સિવાયનાં વિવિધ ક્ષેત્રોમાંથી લેખક જન્મે, લેખકનો ઉધ્યમ આરંભાય તેમ ભાતીગળ ભાષાને વળાંક આપવાની અનિવાર્યતા ભરતનાયકે જોઈ હતી.[14] તો ભારતીય ભાષાઓમાં સર્જાતું સારું સાહિત્ય પ્રકટ કરી શકે એવા સામયિકની ઝંખનારુપે 'સેતુ'નું પ્રકાશન થયેલું. સામયિકના હેતુ અને પ્રયાજનો સામયિકની શરુઆતે પ્રથમ એકમાં સંપાદક વિસ્તારથી જણાવતા હોય છે. ઉદ્દેશોને ઘડી કાઢવા એ સહેલી વાત છે. સંપાદકની સાહિત્યભાવના ઉત્કટ હોય અને સજાગ નિષ્ઠા હોય તે છતાં ભાવાવેશમાં તણાઈ જઈને એ અશક્ય આદર્શોનાં હવાઈ કિલ્લાઓ ચણી શકે નહીં અને જો વધુ પડતી અપેક્ષાઓ આ અંગે સેવવામાં આવી હોય ત્યારે એ આદર્શો સુધી પહોંચી ન શકતા સંપાદકને નિરાશા સિવાય કશું હાથ લાગતું નથી. આ અંગે સંપાદક જાગૃત હોવો જોઈએ. સામયિકનાં વર્ષાન્તે કે નવા વર્ષનાં પહેલા અંકે પોતે કરેલી કામગીરી નીહાળવાની સામયિકો જે પધ્ધતિ જોવા મળે છે એ પણ પોતાના નિશ્ચિત ધોરણોને ચકાસવા. ~~'ધ આર્ટ ઓવ એડીટીંગનાં સંપાદકોએ સંપાદકની આ વિશિષ્ટ કામગીરી અંગે નોંધ્યુ છે: ' સાલેસ એન એડીટર અન્ડરસ્ટેન્ડસ આર્ટ. હિ ઓર શી કેનનોટ હોપ ટુ પ્રોડ્યુસ~~

માટે. વાચકવર્ગમાં એ વિષાયક શ્રધ્ધા ઊભી કરવા માટે.

સામયિકની નીતિનું એક પાસું એ પણ છે કે કોઈ સામયિકનાં પ્રકાશનમાં સંપાદક દેખીતી રીતે પતટસ્થ રહેતો હોય છે. આવા સામયિકોમાં પ્રકટ થતાં સાહિત્યની જવાબદારી જે-તે લેખકની હોય છે. 'પ્રકાશિત રચનાઓની રીતિ-નીતિ કે વિચારો સાથે સંપાદક સંમત હોય કે ન પણ હોય. એ સંમતિ અનિવાર્ય હોતી નથી. સાહિત્યક્ષેત્રમાં જે કંઈ સર્જન- વિવેચન કે અન્યપ્રવૃતિ થતી હોય તેને સામયિકમાં સ્થાન આપવાનું અને એ રીતે સાહિત્યનાં વલણોને આકાર આપવાનું ધ્યેય સંપાદક રાખતો હોય છે. સંપાદકનાં આ પ્રકારના વલણમાં કોઈ પ્રતિબધ્ધતા કે સંડોવણી હોતી નથી જ્યારે કેટલાક સંપાદકોને સામયિકનાં સંપાદન સાથે સંનિષ્ઠપણે સંડોવાયેલા હોય છે. વ્યકિતગત સાહસરુપે આરંભાયેલા 'તાદર્થ્ય','દસમો દાયકો' કે પ્રત્યક્ષનાં સંચાલન-સંપાદનમાં સંપાદકની સીધી જ સંડોવણી છે. એ કારણે સંપાદક પણ ઘણાબધા લેખકો પૈકીનો એક લેખક પણ હોય છે. 'કંકાવટી','એતદ્' કે'પ્રત્યક્ષ'માં પ્રગટ થતાં લખાણોમાં સંપાદક પણ લેખક તરીકેની ભૂમિકામાં દેખાશે. એક રીતે એ સામયિક પ્રત્યેનું 'કમિટિમેન્ટ' જ છે.

સંપાદકીય લખાણો સામયિક નીતિનો વારંવાર પુરસ્કાર કરતાં હોય છે. આવા લેખો અખબારનાં તંત્રી લેખોને મુકાબલે વિષાયનું તલસ્પર્શી અવલોકન આપનારા, સાહિત્યિક આબોહવાને ઘીંધવામાં મહત્વનો ભાગ ભજવતા હોય છે. 'ધ આર્ટ ઓવ એડીટીંગ નાં સંપાદકોએ સંપાદકની આ વિશિષ્ટ કામગિરી અંગે નોંધ્યું છે:'અનલેસ એન એડીટર અન્ડરસ્ટેન્ડસ આર્ટ. હિ ઓર શી કેનનોટ હોપ ટુ પ્રેડયુસ એ સુપીરીયર પબ્લીકેશન મેગેઝિન એડીટીંગ ઇઝ એસેન્સશીયલી એ જોઈન્ટ એન્ડેવર, ધ એડીટર પ્રોવાઈઝ એડીટોરીયલ એક્સલેન્સ એન્ડ ધ આર્ટીસ્ટ ક્રિએટર ધ વીઝયુઅલ ઈમેઝ.[૧૫]

સંપ્રત સાહિત્યિક ઘટનાઓ, ગતિવિધિઓ, સિધ્ધાંત વિષાયક ચર્ચાઓનાં ઉહાપોહ આ લખાણો ધ્વારા સંપાદક પ્રકટાવી શકતો હોય છે. પ્રકાશિત થતાં તમામ સામયિકો સંપાદકીય લખાણો પ્રકટ કરતું નથી, પરંતુ જેટલા સામયિકો આવી નોંધ પ્રકટ કરે છે તેમાં વૈવિધ્યનો અનુભવ થઈ શકે એમ છે.'ફાર્બસ ત્રૈમાસિક','પરબ','એતદ્' 'વિ','તાદર્થ્ય','શબ્દસૃષ્ટિ','પ્રત્યક્ષ' જેવા સામયિકોમાં જોવા

મળતાં તંત્રીલેખો સાહિત્યિક વાતાવરણનો જેમ ખ્યાલ આપતાં હોય છે એમ સંપાદકની જાગરુક નિષ્ઠાનો પડઘો પણ પાડતા હોય છે. 'તંત્રીલેખ એ અખબારનું હૃદય છે.' એમ કહેવાયું છે. આપણાં સામયિકોનાં તંત્રીલેખ માટે એવું કહી શકાશે નહી તે છતાં સંપાદકીય લખાણો સામયિકની મુદ્રાને ઘડવા-વિકસાવવામાં મહત્વનો ફાળો આપતાં હોય છે એ વાત સ્વીકારવી જોઇએ.

સામયિકોમાં પ્રકટ થતી સામગ્રીનો સર્જકને પુરસ્કાર આપવાની નીતિ આજના સમયે પણ પૂરેપૂરી સ્વીકારવાની સ્થિતિ સર્જાઈ નથી. સાંપ્રત સામયિકો સામે ફરિયાદ કરતાં વિજયશાસ્ત્રીએ નોંધ્યું છે :'પુરસ્કાર લવાજમમાં ખતવી દેવાયા હોય યા તો મોકલાયા જ ન હોય.'[૧૬] લેખકોએ (માર્ક્સવાદીનાં મતે 'બૌધ્ધિક શ્રમિકો'એ)કરેલા પરિશ્રમના મહેતાણાનાં પ્રતિક રુપે પુરસ્કાર આપવા અને એ કોઈપણ ભોગે લેવાનાં વાદવિવાદો સામયિક પાને જોવા મળતાં રહ્યા છે. પ્રતીક પુરસ્કાર લેખે અપાતી નાની રકમ સર્જકો સ્વીકારતા નથી એમ કહીને પુરસ્કાર આપવાનું ટાળવામાં પણ આવે છે. સામયિક પરંપરામાં કર્તાની પ્રસિધ્ધ થયેલી કૃતિ પર હકદાવો માંડીને પુરસ્કાર પ્રથાના સ્વીકારની, પુરસ્કાર અંગે મૌન સેવવાની ઘટનાઓ જણાશે. આજના સામયિકોમાં પણ પુરસ્કાર આપવા અંગેની નોંધ ભાગ્યે જ દેખા દે છે. 'પરબ', 'ખેવના', પ્રત્યક્ષ' જેવા સામયિકોએ પુરસ્કાર નીતિ સ્વીકારી છે. -સ્પષ્ટ ધોરણો કરીને આ નીતિ અંગે આજે પણ સૌ એકમતિ દર્શાવશે પરંતુ સામયિકનું આર્થિક પાસું જોતા કૃતિને યોગ્ય પુરસ્કારથી નવાજવાનું ગજું મોટાભાગના સામયિકોથી કેળવાયું નથી. અલબત્ત, અહીં વૃત્તિ અને દ્રષ્ટિકોણનો પ્રશ્ન પણ છે. સામયિકનાં એક અંકના નિર્માણમાં થતાં ખર્ચ સામે પુરસ્કારનું ખર્ચ પાંચ-સાત ટકા જેટલું જ હોય તો, આર્થિક સ્થિતિને સામે ધરીને પુરસ્કાર ન આપી શકવાની લાચારીનું વલણ બરાબર છે ? એ વિચારવું જોઈએ.

સામયિકનું નિયમિત પ્રકાશન કરવાની સંપાદકની સૌ પ્રથમ જવાબદારી હોય છે. સંપાદકને પોતાની મહેનત અને કુશળતાને દર્શાવવાનો અખબાર કરતાં લાંબો સમયગાળો પ્રાપ્ત થતો હોય છે. ત્યારે સામગ્રી કેવી અને કેટલી પ્રકાશિત કરવી, કઈ રીતે

પ્રકાશિત કરવી એ ~~તેને~~ વિષય વિચારવાનો એની પાસે પૂરતો સમય હોય છે એ કારણેવિષયનો વિસ્તાર નહીં પણ સામગ્રીનાં ઉંચા ધોરણની અને સ્થાયી પરિણામો ધરાવતી કૃતિઓની પસંદ કરવાની એની નીતિ હોય છે. 'કુમાર', સંસ્કૃતિ' કે 'ક્ષિતિજ'નાં ઉંચા ધોરણોને કારણે સામયિકમાં પ્રકાશિત થયેલી કૃતિ સર્જકને સહજ પ્રતિષ્ઠા આપાવતી, સામયિકમાં રહેલી લેખનશૈલીનાં વૈવિધ્ય વિશે 'ધ આર્ટ ઓફ એડીટીંગ'નાં સંપાદકોએ નોંધ્યું છે 'ઈન એ મેગેઝિન ધ સ્પેસ ઈઝ લાઈકવાઈઝ લીમીટેડ, બટ ધ રાઈટીંગ સ્ટાઈલ ઈઝ મોર રીલેક્સેડ, મોર નેરેટીવ એન્ડ મોર પર્સનલ. ધ સ્પેસ ઓફ ધ મેગેઝિન પીસ મેય બી સ્લમ્બર બટ સર્ટેઈનલી નોટ લેસ ડ્રામેટીક-ધેન ધેટ ઓફ ધ ન્યૂઝ સ્ટોરી' [૯]

સામયિકનાં સ્વરુપ અંગેનું ધોરણ બહુધા સર્જાતા સાહિત્યને મૂકી આપવાનું અને સાહિત્યિક વાતાવરણનો પરિચય આપવાનું રહયું હોય એમ જણાય છે. 'વિવેચન' 'કવિતા' કે ગ્રંથસમીક્ષાનાં સામયિકોની તુલનાએ સર્જનાત્મક સાહિત્ય, વિવેચન અને સમીક્ષાઓને એકીસાથે પ્રસિધ્ધ કરતા સામયિકોની સંખ્યા વધું છે. તમામ સ્વરુપોની સામગ્રીને પ્રકટ કરતાં આવા સામયિકો એક રીતે નિશ્ચિત માળખાને આવરીને ચાલતા હોરહે છે. સંપાદકીય, કવિતા, વાર્તા વિવેચન, ગ્રંથાવલોકનો, પત્રચર્ચા, સ્વીકારનોંધ જેવા વિભાગો આપણાં સામયિકમાં રૂઢ થઈ ગયેલા જણાશે. એમાં કોઈ સ્વરુપની ઓછી વત્તી સામગ્રી સમયસંજોગોનુસાર પ્રકટે છે ખરી એટલે કયારેક એવું લાગે છે કે આ નિશ્ચિત માળખામાંથી દૂર હટીને આપણા તંત્રી સંપાદકો સામયિકનાં સ્વરુપ વિષયક નવીનતા આણવાનું સાહસ કરતાં નથી.

આવી સંપાદકીય જીવંતતા વિશેષાંકોમાં કવિચિત્ જોવા મળે છે. દરવર્ષે સામયિક આ પરંપરાથી ઉફરા ચાલીને કોઈ મનનશીલ અભ્યાસ કે સર્જકનાં સર્જન મૂલ્યાંકનો પ્રયાસ આવા વિશેષાંકો ધ્વારા પાર પડતો હોય છે. વિશેષાંકને પ્રકટ કરીને સમગ્ર સાહિત્યનાં લેખાં જોખા કરવાની (ગુજરાતીસાહિત્યનો આઠમો દાયકો, નવમો દાયકો-પરબ, શોધ નવી દિશાઓની- એતદ્) સર્જનાત્મક સ્વરૂપોની શકયતાઓને ચીંધી આપવાની (વાર્તાવિશેષાંક-'ખેવના','ઉદ્દેશ'),

સર્જક વિશેષાંક (ગોવર્ધનરામ વિશેષાંક'પરબ', એલિયેટ વિશેષાંક -'કવિલોક'), આદિ તેમજ સાહિત્યની અન્યશાખાઓ, યુગસંદર્ભનું પરીક્ષણ કરવાની (સામયિક સંપાદન વિશેષાંક-'પ્રત્યક્ષ', 'સમૂહમાધ્યમોની પચ્ચીશી'પરબ') રીતી-નીતિ સામયિકનાં વિશેષ તરીકે પંકાતી હોય છે. આવા વિશેષાંકોમાં 'વિશ્વસર્જકોની મુલાકામ વિશેષાંક- તાદ્દર્થ્ય, વિવેચન વિશેષાંક -'સંસ્કૃતિ', પંચકાવ્ય વિશેષાંક -'કવિલોક- જેવાં ધ્યાનાર્હ પ્રયત્નો પણ થયા છે નવા નવા અભ્યાસ મુદ્દાઓને વિસ્તારથી મુકી આપતા વિશેષાંકોની પરંપરા આપણે ત્યા એટલી સમૃધ્ધ છે કે સાહિત્યનાં અનેક પરિમાણો એમાંથી પ્રાપ્ત થાય છે - એઆખીયે પરંપરા આશ્ચર્ય પમાડે.એટલી વિપુલ પણ છે અને એક સંશોધનનાં બરનું કામ થઈ શકે એવું વૈવિધ્ય પણ એમાં દટાયેલુ છે. 'સંસ્કૃતિ', 'ગ્રંથી' અને 'પ્રત્યક્ષના' વિશેષાંકો આ સમૃધ્ધિને સૂચિત કરે છે તો સામે પક્ષે માત્ર પરદેશી લઘુનવલનો અનુવાદ આપીને કે એક-કે નાટકો પ્રકાશિત કરીને 'વિશેષાંક' નામ આપવાની રીતિ પણ જોવા મળતી રહી છે. બે અંકોને સાથે પ્રકાશિત કરી (વધારાના પાનાઓ આપ્યા સિવાય) અને વધુમાં વધુ જાહેરાતો એકઠી કરીને પ્રકાશિત થયેલા વિશેષાંકોની સામે મેઘાણીએ તેમ 'કૌમુદીમાં' વિજયરાયે યોગ્ય રીતે જ ચાબખાઓ લગાવ્યા હતાં.

સામયિકનું સ્વરુપ તમામ સર્જનને પ્રકટ ધકરવાનું કરહ્યું હોય તો કવિતા-વાર્તા-નાટક- પ્રવાસ જેવા અનેક સ્વરુપોને સમયાંતરે સ્થાન મળતું રહેવું જોઈએ. લેખ અને વાર્તાઓની પ્રસિધ્ધિનાં આવેશમાં સંપાદક પૃષ્ઠોની મર્યાદાને આગળ ધરીએ, મનનશીલ વિભાગોનો છેદ ઉડાડીને પોતે ઘડેલા સામયિક સ્વરુપની ભાંગફોડ જ કરતો હોય છે. નવા નવા વિભાગો ઉમેરવાનાં જોશમાં જૂના ચાલુ લોકપ્રીય વિભાગો અધ્ધરતાલ રહી સામયિકની અસમતોલ દશા ઉભી કરતા હોય એવા ઉદાહરણો પણ ઓછા નથી. સામયિકનું જે સ્વરુપ ઘડાયું હોય તેમાં વિવિધતા અનિવાર્ય ગણાવી જોઈએ.

નિયત પૃષ્ઠસંખ્યામાં 'ઉતમ' સામગ્રીનું પ્રકાશન કરવું એ તંત્રીકાર્યનું સૌથી મોટું પાસું છે. જયંત કોઠારીએ યોગ્ય જ નોંધ્યું છે : ' સંપાદક એ માત્ર ટપાલી હોય - આવેલા લેખોને પ્રેસમાં પહોંચાડનાર હોય એ હું કદી સ્વીકારી શકયો નથી. એ

જવાબદારીપૂર્વક પસંદગીઓ કરે, ઉત્તમ લેખો માટે પ્રયાસે કરે અને આવેલા લેખો માં જરુર જણાય ત્યાં કાંટછાંટ કરે, એને રજૂઆત અને ભાષાની દૃષ્ટિએ મઠારે, એનેવધારે અસરકારક બનાવીને મૂકે.[૧૮] પ્રકાશનનાં પસારામાં નિમ્નકક્ષાની સામગ્રી પવિત્ર થઈને પુજાવા લાગે એ સ્થિતિ પર સંપાદકની કડક પરિક્ષાણ નીતિ જ રોક લગાવી શકે. ગુણવતાનાં ધોરણો બાબતે રમણ સોનીએ લખ્યું છે,: ' ઉત્તમને શોધવાની તત્પરતા વાળોને સર્જનાત્મક વૈવિધ્યનાં સ્વીકારની મોકળાશ ધરાવતો હોવા છતાં ગુણવતાનાં નિયત ધોરણોની બાબતે સંપાદક થોડો દુરારાધ્ય બને એ પણ જરુરી છે.[૧૯] 'સત્વશીલ લખાણોને આવકારવાની તેમ નકકામાં લખાણો -ભલે તે પ્રતિષ્ઠિત સર્જકનાં હોયપણ હિંમતભેર પાછા ઠેલવાની નીતિ સંપાદકમાં હોવી જોઈએ. અનિરુધ્ધ બ્રહ્મભટ્ટ તો ત્યાં સુધી કહે છે કે : 'જે સામયિકે નવી હવા પ્રવેશાવીને જૂના જાળાં ઉફાડી દેવા હોય તેને 'ધર્મશાળા' બની રહેવાનું ન પાલવે.'[૨૦]

એક મુદ્રિત માધ્યમ – પ્રકાશિત વસ્તુ લેખે એના બહિરંગની સુરુચિ પૂર્ણ સુઘડતા તરફ લક્ષ આપવું સામયિકને માટે અનિવાર્ય છે એ રંગરુપનું પણ આગવું મૂલ્ય છે એનો અર્થ એ પણ નથી કે સામયિકનું નિર્માણ વૈભવી અને ખર્ચાળ જ થવું જોઈએ. પૂરી કરકસર કરીને પણ કલાત્મક ને સુંદર મુદ્રણ સજ્જાનો નમૂનો 'કુમારે' દર્શાવી આપ્યો છે. મુદ્રણ સન્નિવેશની બાબતે અન્ય સામયિકો પણ ધ્યાનપાત્ર છે. પરંતુ મોટાભાગના સામયિકો આવી બાબતો પ્રત્યે ઉદાસીન છે. 'સુઘડમુદ્રણ, બાહ્યરુપરંગથી સામયિકો વધુ પ્રભાવક ગૌરવ ઉભું કરી શકે એવા રમણ સોની નાં મત સાથે સૌ કોઈ સંમત થશે.[૨૧]

સામયિકનું નિયમિત પ્રકાશન વાચકોનાં મનમાં એના પ્રત્યે શ્રધ્ધ બંધાવે છે. લેખક ને લખતો કરે છે. નિયત સમય મર્યાદામાં પ્રકટ ન થઈ શકતા સામયિકો ઘડાયેલી છાપ (ઈમેજ) ને જ નહીં, સાથોસાથ સમાજમાં ઊભી થયેલી સામયિકની વ્યાપક અસરને પણ ભૂંસી નાખે છે. 'વસંત', જ્ઞાનસુધા', 'સુદરી સબોધ' જેવા સામયિકો નાં અંકો કયારેક તો એક વર્ષ પછી પ્રકટતા ! નિયમિતતાનો આદર્શ પૂરો પાડવાની મથામણો સામયિક નીતિનું એક અગત્યનું પાસું છે. સામયિકોની

અનિયમિતતા આર્થિકપક્ષે ડામાડોળસ્થિતિના કારણે જ વધુ તો રહી છે. સાહિત્યિક સામયિકોને સતત પજવતા એવા કેટલાક પ્રશ્નોની ચર્ચા અહીં ઈચ્છનીય ગણાશે.

० સાહિત્યિક સામયિકો: કેટલીક સમસ્યાઓ અને પડકારો :

સામયિક સામે આંતર અને બાહ્ય એમ બંને દિશાના અનેક પશ્નો સંભવે છે. એકબાજુએ સામયિકનાં આંતરિક સ્વરુપને લગતાં એટલે કે સામગ્રી, સર્જક, સ્વરુપ અને વાદવિવાદને લગતા પ્રશ્નો સંપાદકની સામે સતત રહેતા હોય છે. સામયિકના આવા પ્રશ્નોથી વાચક મોટાભાગે જ્ઞાત હોય છે. પરંતુ સામયિકનાં બાહ્યપ્રશ્નો એટલે કે મુદ્રણનાં વધતા જતા ભાવ, ટપાલ રવાનગીનાં પ્રશ્નો, લવાજમોની માથાકોડ, પ્રેસ કારીગરોનાં ધાંધીયા કે જાહેરાત મેળવવાની ભાગદોડ બાબતે એ જાણતો હોતો નથી 'માનસીમંદિર' કે 'મંદિરનોઘંટનાદ' નામે વિજયરાયે પ્રત્યેક અંકમાં 'માનસી'ની આવક – જાવકનો હિસાબ આપ્યા કર્યો છે. પરંતુ આવા હિસાબો મોટાભાગનાં સામયિકો આપવાનું ટાળે છે. અને ઘણા ખરા વાચકો એ વિગતો પ તરફ દુર્લક્ષ્ય સેવે છે. એટલે આખરમાં સંપાદનની તો ખરી જ સાથો સાથ સંચાલનની વિકટ જવાબદારીનું વહન સામયિકનામાતાપિતા એવા તંત્રીના મસ્તકે આવે છે.

०આર્થિક સ્થિરતા :

સામયિક પ્રકાશનનાં આરંભથી સામયિક સામે મુંઝવતો પ્રશ્ન પોતાનું અસ્તિત્વ ટકાવવાનો, પગભર થવાનો જ રહ્યો છે. હરસિધ્ધભાઈ દિવેટીયાનું આ કથન જુઓ : ' ઉચ્ચ સાહિત્યનાં માસિકોનો ઈતિહાસ તો શોકજનક છે. શિક્ષિત ગુજરાતી વર્ગે પણ આવા સામયિકને જોઈએ એટલું ઉત્તેજન આપ્યું નથી. 'વસંત', 'સુંદરી સુબોધ', 'સાહિત્ય', 'ગુજરાત','માનસી'જેવા સામયિકો ગ્રાહકોની ન્યુનતા ને લીધે બંધ કરવા પડે. એ આપણી સાહિત્યવૃત્તિને શોભાસ્પદ નથી. હજીપણ સારા સામયિકોને માટે જોઈએએટલો ગ્રાહકવર્ગ મળતો.નથી એ ફરીયાદ સંભળાય છે.[૨૨] આ ફરીયાદ માત્ર ગુજરાતના જ નહીં અન્યપ્રાંતનાં સાહિત્યિક સામયિકો માટે પણ સનાતન છે કેમ કે સાહિત્યનો રસિકવર્ગ પાતળી સંખ્યા ધરાવતો હોય છે.

આજે પણ 'એતદ્' સામયિકનાં ૨૫૦ જેટલા ગ્રાહકો છે ! અપૂરતી ગ્રાહકસંખ્યા અને ઓછા ફેલાવાને કારણે જાહેરાતો અને સરકારી તેમજ વ્યકિતગત સહાય ઉપરજ એને નજર દોડાવવી પડે છે. 'પ્રત્યક્ષ' (અંક :૩/૪, ૧૯૯૫) નાં સંપાદન વિશેષાંકમાં લગભગતમામ સંપાદકો એ આ વિશે ફરિયાદનો સૂર વ્યકત કર્યો છે. પરંતુ આ બાબતે ઉમાશંકરનું વિધાન યાદ રાખવા જેવું છે : ' ગુજરાતને બેકદર શી રીતે કહી શકીએ ખાસ કરીને સંપાદકોમાંથી જે શિક્ષકો હોઈએ તે? આપણે ગુજરાતમાં ભણતર કેટલું વિસ્તાર્યું છે. ? અને આવા વિષયમાં રસ લેનારાઓ ઓછા જ હોય રસ હોય છતાં ખરીદશકિત ન હોય એવું પણ બનવાનું. અંગ્રેજી જેવી, દુનિયામાં ફરી વળેલી ભાષાનાં આવા સામયિકની પણ મર્યાદિત નકલસંખ્યા જ હોય. તેમાંથી એકાદ આપણાં સુધી પહોંચવા પામી હોય છતાં! આપણને ગુજરાત કહેવા આવ્યું નથી. સ્વેચ્છાએ આપણે આવી પ્રવૃતિ ઉપાડી. પછી પ્રજાને દોષ દેવાપણું કયાં રહ્યું ?[૨૩]

સામયિકનાં પ્રકાશનથી માંડીને રવાનગી સુધીની તમામ પ્રક્રિયાઓમાં સંપાદકે પોતાની શકિતઓ કામે લગાડવી પડે છે. આ પ્રવૃતિઓની ભાંગદોડમાં સંપાદકની સર્જનાત્મક શકિતઓ વેડફાતી હોય છે. ચારે દિશાએ દોડતો સંપાદક હારી-થાકી જઈને સામયિક પ્રકાશન-વ્યવસ્થાનો ભાર કોઈ વ્યકિત કે સંસ્થાને સોંપવા નો પ્રયત્ન કરે ત્યારે એના પરિણામ અને પ્રશ્નોથી એ સભાનનહોય તો સામયિક ની દિશા નિશ્ચિત ધ્યેયથી દૂર ખસડાઈ જતી હોય એવા અનુભવો પણ ઓછા નથી. સામયિક પ્રવૃતિ ધાક જમાવવા, આર્થિક સધ્ધરતા કે એકેડમી સ્ટેટસ હાંસિલ કરવા કે જૂથવાદ રચવા માટે હોતી નથી. આવું જયારે જયારે પણ સામયિક પાને બનવા લાગે છે ત્યારે એ પ્રવૃતિ સાહિત્યનું ધૂંધળુ ચિત્રતો ઉભું કરે જ છે સાથો સાથ ધડાતા જતા સાહિત્યિક ઈતિહાસને વિકૃત કરવાનું પાતક પણ કરી બેસે છે.

૦ <u>ઉતમ સામગ્રીનું સાતત્ય</u> :

સામયિકને નિયમિત પ્રકાશિત કરવાની સાથે એમાં સામગ્રીનું ધોરણ નકકી કરેલા ધ્યેય મુજબનું હોય એ અપેક્ષિત છે. મોટાભાગનાં સામયિકોને ઉતમલેખોની

ઉણાપનો પ્રશ્ન સતાવતો રહે છે. વિવિધ લેખકો પાસેથી ઉત્તમ સામગ્રી મેળવવી એ. એક અત્યંત મહેનત માંગે એવું અભ્યાસ પ્રેરિત બૌધ્ધિક કાર્ય છે. સર્જક સાથે મત-વિભિન્નતા હોવા છો છતાં એ સર્જકની કૃતિમાં રહેલા વિશેષને સ્વીકાર્ય કરવાની સંપાદકમાં વિશાળતા હોય છે. નિશ્ચિત લેખક મંડળીની કૃતિઓને જ સ્થાન આપવાની સાંકડી પ્રવૃત્તિમાં તે રાચતો નથી. એટલે કે સંપાદક સર્જકનો નહીં પણ કૃતિનો મહિમા કરતો હોવો જોઈએ. આ વલણને કારણે જ સંપાદકથી તદ્દન અજાણ્યા એવા નવોદિત સર્જકોની ઉત્તમ કૃતિઓ સામયિકમાં સ્થાન પામતી હોય છે. જ્યારે જ્યારે પણ સર્જકનીપ્રસિધ્ધ નામ માત્રને જોઈને એની કૃતિઓ પ્રસિધ્ધ કરવાનું વલણ દેખા દે છે. ત્યારે સામયિકને તેમ વાચક પક્ષને ગૂમાવવાનું આવે છે. સંપાદક ની પ્રતિભા, નિપુણતા અને પ્રેરણાનાં બળે જુદા જુદા ક્ષેત્રનાં લેખકોને પોતાના સામયિકમાં ઉત્તમ વિનિયોગ કરવાની જરૂરિયાત રહે છે. સંપાદકને આ માટે પોતાના કામનો અનુભવ(જ્ઞાન) જ નહી પણ કાર્યપ્રતિ એકનિષ્ઠ લગાવ પણ જ જોઈએ. વિજયરાયને એક લેખકે: ' તમે તો સામે બેયોનેટ ધરીને લખાવો છો' કહેલ વિધાનમાં 'ક્રિએટીવ એડીટર'ની છબી ડોકાય છે. જે એડવર્ડ મરે યોગ્ય જ નોંધે છે : 'બીકોઝ કોપી એડીટીંગ ઈઝ એન આર્ટ. ધ મોસ્ટ ઈમ્પોર્ટન્ટ ઈનગ્રીડીઅન્ટ આફટર ટ્રેનીંગ એન્ડ ટેલેન્ટ ઈઝ સ્ટ્રોંગ મોટીવેશન. ધ કોપી એડીટર મસ્ટ કેર નોટ ઓનલી શૂડ હી કનો હીઝ જોબ. હી મસ્ટ લવ ઈટ. એવરી સ્ટોરી, એવરી એડીશન, એવરી ડે નો આર્ટ યીલ્ડ ટુ લેસ ધેન મેકસીમમ એફર્ટસ ધ કોપી એડીટર મસ્ટ બી મોટીવેટેડ બાય એ ફીર્સ પ્રોફેશનલ પ્રાઈડ ઈન ધ હાઈ કવોલીટી ઓફ એડીટીંગ'[૨૪] સામયિક માટે સમૃધ્ધિપૂરક સામગ્રી સંપાદકની વિશિષ્ટ, નવીન અને શ્રમપૂર્વક તૈયારી થયેલી અધ્યયનશીલતાથી નવો ઓપ પામતી હોય છે. સાહિત્યિક સામયિકમાં તફડાવેલાં લેખો, સંદિગ્ધ કૃતિઓ અને અસ્પષ્ટ કથન કરતાં સર્જન કે સર્જનેતર લખાણો સામે સંપાદકે હરક્ષણે જાગૃત રહેવું પડે છે. આવા લખાણોની વારંવારની પ્રસિધ્ધિ સામયિકની ઊભી થયેલી મુદ્રાને હાનિ પહોંચાડે છે. અને કયારેક તોસંપાદકને દરેક અંકોમાં 'ક્ષમા-યાચના' લઈને હાજર થવાનો વખત આવે છે. 'સાહિત્યમાં' 'પ્રેમાનંદના નાટકો' વિશેની ચર્ચા આનું જીવંત ઉદાહરણ છે. વળી પોતે જે વર્ગ માટે સામયિકનું

પ્રકાશન કરે છે એ વર્ગને નજર સામે રાખીને સામગ્રી પ્રકાશીત કરવાનું વલણ દાખવવું પડે છે. શિષ્ટ વર્ગ સુધી પહોંચતા સામયિકમાં પ્રગટ થયેલી અશિષ્ટ સામગ્રી કે ચિત્રો પરિવર્તનની નવી તરાહો દર્શાવવા રજૂ થયેલા હોય એ છતાં પણ આ પ્રકાર ના આઘાત સામે સંપાદકનો યથાતથ સ્પષ્ટ મત રહેતો હોય છે. આ માટે સંપાદકની જવાબદારી બેવડાતી હોય છે. સામયિક પાછળ સમર્પિત એવી વ્યકિતની જરૂરીયાત પર ભાર મૂકતા વિજયરાયનું અવલોકન અહીં નોંધવા યોગ્ય છે. : આજે પ્રાંતનાં ઘણા ખરા સામયિકો મુડદાલ છે ને મરવાની આળસે જ જીવતા રહયા છે. એ સ્થિતિની આરપાર જોવાની મહેનત લેવીએ એ સૌથી વધારે જરુર છે – અમારા મતે એ કલેવરો નિષ્પ્રાણ બન્યા છે એ એક જ કારણ થી –સ્થિર અને સચોટ સાહિત્યદ્રષ્ટિ વાળી વ્યકિત માસિકોની પાછળ નથી હોતી એ હોય છે તો પોતાનું માસિક તેણે વેપારીઓને ભાડે આપીને પોતાના નામથી ચલાવવાની પરવાનગી આપેલી હોય છે. પરિણામે ભાડુતી ઉપતંત્રી કે વ્યવસ્થાપક જેટલા બની શકે એટલા વાહિયાત લખાણોથી દરમાસે નિયમિત અંકો બહાર પાડયે જાય છે. પ્રજાને માથે એટલો કક્ર વધોર્યે જાય છે.'[૨૫]

○ <u>ભાષાભિવ્યકિત : સફાઈ અને અધિકૃતતા</u> :

ભાષાશુદ્ધિ, શબ્દોની કરકસર અને વિચારને રજૂ કરતી યોગ્ય પરિભાષા વિશે સંપાદકે સભાનપણે વર્તવુ પડે છે. આ બાબતે'ગુજરાતી'એ ચલાવેલી ચળવળ, 'નવજીવન'નું સ્વરુપ આપણી સામે છે. બ્રીટીશ સામયિકો ભાષા અને શબ્દાનાં અત્યંત સંયમપૂર્વકનાં ઉપયોગ માટે મ જાણીતા છે. ટી.એલ.એસ. નામના સામયિક માં પહેલા ૭૦ વર્ષ સુધી તો પુસ્તકોની સમીક્ષા લખનારાં સમીક્ષાકોની નામાવલિ પણ સંક્ષેપ નામે પ્રકટ થતી. 'ડાંડિયો'માં વપરાયેલી ટૂંકાક્ષારી સંજ્ઞાઓ આપણા ને તુરત યાદ આવી જાય. 'હેન્રી જેમ્સ અને વર્જિનિયા વુલ્ફ જેવી વ્યકિતઓનાં અવલોકના પણ નામ વગર જ છપાતા.'ટી. એલ. એસ.'નાં પહેલાં તંત્રી બ્રુસ રિચમંડે હેન્રી જેમ્સનાં લખાણમાંથી દોઢવાકય પર કાતર ફેરવી તો લેખકે રિચમંડ ને 'કસાઈ' કહેલો ! સંપાદક સામે દીર્ઘસૂત્રી લખાણો આવે ત્યારે એને મઠારવા, ફરીવાર લખાવવા–સુધારવા, લેખકને એ લખાણ પરત મોકલીને લેખ સંપૂર્ણ બનાવવા કેટલાં સંપાદકો પડકાર ઉઠાવે છે ? લેખકોને દોરવાનું– યોગ્ય દિશામાં ધડવાનું કામ સંપાદકનું છે. 'ચલાવવાની' કે 'ધકેલપંચા દોઢસો'ની વૃતિ સામયિકમાં

પોસાતી નથી. ચંપિશી ઉદ્દેશી પોતાનો અનુભવ વર્ણવતા લખે છે કે : 'નવચેતન' માં આવતા લેખોમાં લગભગ સાઠ ટકા જેટલા લેખો મારે ફરીવાર લખવા પડે છે ! સામયિકનાં લેખકો દિવસે વિદદિવસે વધુ બેદરકાર થતાં જાય છે. સામયિક ની વિપુલતા સાથે આ બેદરકારી હવે તો વધતી જ ચાલી છે. ચીવટપૂર્વક પોતાના લખાણને બે-ત્રણ વાર વાંચી જઈને -મઠારીને અને સંસ્કારીને એ લખાણને સુવાચ્ય અક્ષર ઉતારીને મોકલવાની દરકાર અત્યારે તો બહુ જ ઓછા રાખે છે. તંત્રી અને પ્રૂફરીડરો એ બધું ફોડી લેશે એમ તેઓ માને છે. પરીણામે 'સાચાતંત્રી' નું કામ દિવસો દિવસ કઠિન બનતું જાય છે.[૨૬] આથી સર્જકને એ દિશામાં ઘડવાનું કામ સામયિક જો કરતું હોય ત્યારે વિવેચન, સર્જન, સંશોધન, સંદર્ભ વિષાયક સામગ્રી પ્રક્રિયામાંથી લેખકને પસાર કરીને ખરેખર તો એ સામયિક સર્જકનાં વિકાસ નું પરિબળ બનતું હોય છે. દરેક સર્જકે લખવાની શરુઆત તો સામયિકથી જ કરવી પડતી હોય છે ત્યારે અર્ધદગ્ધ લેખકોને પ્રોત્સાહન અને પ્રકાશન મળતા તે પોતાના વાંચન અને અભ્યાસને વિસારે પાડી દઈને પ્રસિદ્ધિતાના પૂરમાં તણાઈ જાય છે. ચંપિશી ઉદ્દેશી યોગ્ય જ નોંધે છે કે : 'પ્રસિધ્ધિનો મોહ ઉગતા લેખકોનું મોટામાં મોટું ભયસ્થાન છે અને આ ધોરણ પતનમાં તંત્રીઓએ જેવો તેવો ભાગ ભજવ્યો નથી'.[૨૭]

સામયિકોનાં આવા પ્રશ્નો અને પડકારો સામે તંત્રીને સતત ઝઝૂમવાનું હોય, કશી અપેક્ષા વિનાના સાહસમાં વધારે તો ગૂમાવવાનું હોય ત્યારે વળીવળીને એ પ્રશ્ન થાય કે આટલા બધા સામયિકો વારે-આંતરે પ્રંકટ કરવા પાછળનો હેતુ શું છે ? કશુંક નિરાળું કરી દેખાડવાનો ઉત્સાહ છે ? ગ્રાહકો અને લેખકોનાં જૂથ વચ્ચે વર્ચસ્વ સ્થાપવાનો આગ્રહ છે ? સાહિત્યિક નિષ્ઠા અને ભેવનાને લઈને સાહિત્યનાં સ્થિર જળને ઝંઝેડી દે એવા આંદોલનો રચવા છે ? કે પછી અમુક સામયિકવર્ગની પરંપરા સામે કોઈ વિદ્રોહી સૂર પ્રકટાવવોને છે ? નવા નવાં આદર્શો, હેતુઓ લઈને પ્રસિધ્ધ થતાં આવા સામયિકો સાહિત્યક્ષેત્ર પર કેવો - કેટલો પ્રભાવ છોડી જાય છે ? સામયિકને શરુ કરવા પાછળ જેમ એક કે એકથી વધુ કારણો રહયા હોવાની શકયતાઓ છે તેમ એ સામયિકોનાં જુદાં જુદાં રો કોઈ વિશેષ કાર્યો સમગ્ર સાહિત્યપ્રવૃત્તિને અસરકર્તા નીવડી આવતા હોય છે. આવા પ્રયોજનો અને પ્રદાનોની કેટલીક ચર્ચા કરીએ.

○ <u>સામયિકનું પ્રયોજન – પ્રદાન.</u>

સાહિત્યજગતની માહિતીઓ, પ્રવૃત્તિઓની નોંધ એક બાજુએ અને બીજી બાજુ એ રચાતું સર્જનાત્મક સાહિત્યનું પ્રકાશન. આ બંને છેડાઓ વચ્ચે સાહિત્યિક પત્રકારત્વનો વ્યાપવિસ્તાર રહેલો છે. અખબારમાં કોઈ સર્જકનાં મૃત્યુ પ્રસંગે એકાદ પેરેગ્રાફમાં એની ખબર પ્રકાશિત થાય અથવા તો કોઈ સુજ્ઞ લેખક દ્વારા એનાં વિશેનો લેખ પ્રકાશિત કરે. જ્યારે સાહિત્યિક પત્રકારત્વ એ સર્જકનાં ઉત્તમ સર્જનોને સામયિકપાને આપે છે. વિવિધ સર્જકો સાથેનાં સંસ્મરણોને પ્રકાશિત કરવામાં આવે છે. અને કોઈ સામયિક તો એ સર્જકનાં સર્જનને મૂલવતો વિશેષાંક પણ પ્રકટ કરે છે. સર્જકની પ્રયોગશીલતાને પ્રમાણતું સાહિત્યિક પત્રકારત્વ તે આ. એ લીટરરી મુવમેન્ટ છે એ અર્થમાં તંત્રીની 'ભેખ લેવાની' વાત યથાર્થ બને છે.

સાહિત્ય જગતનાં પરિચયમાં જિજ્ઞાસુઓને મુકી આપવા એ સાહિત્યિક સામયિકનું પ્રથમ ધ્યેય હોય છે. સાહિત્યજગતની કેટલીક બાજુઓ વણસ્પર્શી રહેલી હોય ત્યારે એ બાજુઓની અનિવાર્યતા જોઈને આ સામયિકો આરંભાતા હોય છે. 'વાણી', 'મનીષા', ફાલ્ગુની', 'ઉહાપોહ' અને 'ક્ષિતિજ' જેવા સામયિકોને બંધ કર્યાં પછી પણ સુરેશ જોશીએ 'એતદ્' શરું રચુસ્કર્યું ત્યારે એવી કઈ અનિવાર્યતા હતી ? જુઓ એ નોંધ : સાહિત્ય, લલિતકળા, સમાજવિદ્યા તથા તત્વચિંતન- આક્ષેત્રો વિશેનો સહવિચાર શક્ય બનાવી શકે એવા ગજાવાળું એકાદ તો સામયિક ગુજરાતે નભાવવું જ જોઈએ. સર્જન શૂન્યાવકાશમાં થતું નથી. એને પરિપોષક ઉહાપોહ સાહિત્યજગતમાં થતો રહેવો જોઈએ. આ પ્રકારનો વિનિમય સતત ચાલ્યા નથી કરતો હોતો ત્યારે અનિષ્ટ પ્રકારની અરાજકતા પ્રવર્તતી દેખાય છે.'[૨૮] કેટલીકવાર પ્રભાવશાળી સામયિક અચાનક સમેટાઈ જતા સાહિત્યક્ષેત્રમાં ઊભી થયેલી ઉણપને ધ્યાનમાં લઈને સામયિકો આરંભાતા હોય છે. 'પ્રત્યક્ષ' બંધ પડેલા 'ગ્રંથ'ના અને 'ઉદ્દેશ' 'સંસ્કૃતિ'ની ઉણપને પૂરવા પ્રયત્નશીલ છે.

પુસ્તકોનું પ્રકાશન અનિયતકાલીન હોય છે. સર્જકનું સર્જન પુસ્તક સ્વરૂપે વાચકો- ભાવકો સમક્ષ પહોંચે એ પહેલા સામયિકનાં માધ્યમે સર્જન પ્રકાશિત થયું હોવાનાં કારણે સર્જકની પ્રતિષ્ઠા બંધાતી હોય છે અને એ કારણે સર્જકનાં

પુસ્તક પ્રકાશન અને આવકાર માટે યોગ્ય વાતાવરણ ઊભું થતું હોય છે. આમ, સર્જાતા સાહિત્યને મૂકી આપીને નવા આશાસ્પદ અને પ્રતિભાશાળી સર્જકોનાં સર્જનને પ્રોત્સાહન આપવાનું સાહિત્ય સામયિકનું ધ્યેય વિશિષ્ટ છે. નરવી, નવી પ્રયોગશીલતાનું વાહક સામયિક બને છે ત્યારે પ્રયોગશીલ સાહિત્યનાં ચયન વડે સાહિત્યમાં એક નવું વલણ ઊભુ કરી દિશા રચી આપે છે. અને પ્રયોગશીલ સાહિત્ય નાં વિકાસ માટેની ભોંય તૈયાર કરે છે. સર્જકને માટે સામયિક એ પ્રયોગશાળાનું કામ કરે છે. એ પ્રયોગશાળામાં સર્જકની સર્જકતાને ધાર ચડે છે અને સામયિકમાં પ્રકટ થતી રહેલી રચનાઓ, પ્રતિભાવો અને વિવાદો સર્જકને અન્ય લખાણો લખવા માટેની પ્રેરણા પૂરી પાડનારા બન્યા છે. એક સર્જકને માટે અભ્યાસ અને નિપુણતા નું વાતાવરણ રચી આપવા સામયિક યોગ્ય ભૂમિકા ભજવે છે. સર્જકોનાં સત્વશીલ નૂતન પ્રયોગોને આવકારીને સર્જનાત્મક સ્વરુપોની શકયતાઓને ચીંધવાનું પ્રદાન અનેક સામયિકોએ કર્યું છે.

સાહિત્યિક વાતાવરણમાં આવી પ્રયોગશીલ કૃતિઓ પ્રભાવ ઊભો કરતી હોય છે. નૂતન સાહિત્યસ્વરુપો માટેની એ આબોહવા બાંધી આપે છે. નવાં ચીલાઓ ચાતરીને સાહિત્ય નૌકાનું સુકાન ફેરવી નચનાખવામાં નિમિત બને છે. પ્રયોગ-શીલ કૃતિઓને પ્રકટ કરીને તંત્રીએ સાહિત્યસ્વરુપોની શકયતાઓનો અંદાજ આપતો હોય છે. સાથો સાથ આવી વિષય સામગ્રી પ્રકટ કરતાં સામયિકોની આગવી મુદ્રા પણ રચાતી હોય છે. 'સંસ્કૃતિમાં' પ્રકટ થયેલી કિશોર જાદવ કે સિતાંશુ યશશ્ચંદ્ર ની કૃતિઓ સામયિકનાં વ્યાપવિસ્તારને દર્શાવી આપે છે. 'કંઈક નવું' અને કંઈક ને કંઈક અર્થગર્ભ મૂકી આપવાની કસોટીમાં ઉતરતા સામયિકોનાં વિશેષો આવા સાહસથી જ અંકાતા હોય છે.

સ્વરુપોને ઘડવામાં તેમ સ્વરુપની વિભાવનાને બાંધી આપવામાં સામયિકોનું પ્રદાન બહુમૂલ્ય છે. જુદા જુદા સાહિત્ય સ્વરુપોને પ્રકટ કરી એના વાદ-વિવાદો અને ચર્ચાઓ ઊભી કરી આપીને સ્વરુપાનો નિશ્ચિત ખ્યાલ ઘડવાની મથામણો ઝીલાતી રહી છે એ અર્થમાં સામયિક જે- તે સમય ગાળાનું આંદોલન બને છે. સામયિકમાં સ્વરુપગત, વિષયગત અને અભિવ્યકિતગત નવી નવી તરાહો સમયાંતરે પ્રકટતી

રહેતી હોય છે જેના પરિણામે સાહિત્યનાં નવાં વલણ- વળાંકોની સાચી અભિજ્ઞતા વધતી રહે છે.

સર્જકો તેમ ભાવકોની સાહિત્યિક સજ્જતાનું નિર્માણ કરવા પાછળ સામયિકોનું પ્રદાન વિશિષ્ટ છે. પરંપરાગત સાહિત્યનો પરિચય આપીને સામયિક એનાં વાચકવર્ગને ભાષાનાં વૈભવ અને વારસા પ્રતિ અંગૂલિનિર્દેશ કરીને ખરેખર તો એ કૃતિઓનોમહિમા વધારવાનું હોય છે. તેમ જ એવી કૃતિઓમાં રસ જગાવી સંશોધકો ને માટે પ્રેરણારુપ પણ બનતું હોય છે. પરંપરાગત સમાજમાં વ્યાપ્ત કથાનકો, પદ્યવાર્તાઓને રજૂ કરવા પાછળ પણ આવા હેતુઓ નિહિત હોય છે. 'ગદ્યપર્વ'નાં અંકોમાં પ્રસિધ્ધ થતી પ્રાદેશિક કથાઓ તેમજ 'એતદ્' (અંક: ૩-૪,૧૯૯૪) માં પ્રકટ થયેલી 'ખૂતાનો રાજવી' ની કથા આવા પ્રયત્નોને ચીંધે છે.

સામયિક પ્રવૃત્તિ એક રીતે સાહિત્યિક ચળવળ હોવાને લીધે સાહિત્ય ક્ષેત્રમાં વ જે કંઈ આંદોલનો પ્રકટ્યા છે એ આંદોલનને સામયિકનું સધ્ધર પીઠબળ મળતું રહ્યું છે. જ્યારે જ્યારે કોઈ નવું આંદોલન સાહિત્યનાં ક્ષેત્રમાં ઊભું થાય, પ્રવેશે કે સ્થાન મેળવે ત્યારે એ આંદોલનનું કેન્દ્ર સાહિત્યિક સામયિક જ બન્યું છે. આપણાં અનેક સર્જકોએ સામયિકના માધ્યમે ઉહાપોહ- આંદોલન જગાવ્યા છે. મુનશીની 'કલા-ખાતર કલા' ની વિચારણા, વિવેચનને પણ સર્જન ઠેરવતાં વિશ્વનાથ ભટ્ટની ચર્ચાઓ, સુરેશ જોશીની આધુનિકતાની વિચારમાંડણી અને 'રે મઠ'ની વિદ્રોહ પ્રવૃત્તિએ એ દિશાની પ્રવૃત્તિઓનો વિસ્તાર સાધ્યો છે.

પ્રતિક્રિયા, પ્રતિભાવ, વાદ-વિવાદ, ઉહાપોહ ને'ચર્ચાપત્ર' રુપે મૂકીને સાહિત્યિક સામયિક ઉભયલક્ષી સંક્રમણ સાધવાની દિશામાં પ્રયત્નશીલ હોય છે. વાચકોની સક્રિયતા આવા વિભાગોને જીવંત રાખે છે અને કશાક નકકર પરિણામો સુધી પ્રવૃત્તિને દોરી પણ જાય છે. આ જીવંતતાને લક્ષમાં લઈને કેટલીકવાર તો ખુદ તંત્રી જ આવાં પ્રશ્નો વાચકો સુધી લઈ જતો હોય છે. એ રીતે સાહિત્યિક સામયિક સમૂહ માધ્યમોથી પોતાની જુદી, આગવી અને વિશિષ્ટ મુદ્રા ઉપસાવતું હોય છે. સામયિકનું આ આદર્શ લક્ષણ બની રહે છે. કારણ કે સાહિત્યનાં અનેક પ્રશ્નો લેખ અંતર્ગત ચર્ચી શકાયા નથી. એવાં પ્રશ્નો ઉત્તમ ચર્ચાપત્રોમાં પ્રકટી શકયા છે. આમ, સામયિક માત્ર ઉત્તમ સામગ્રી આપીને જ અટકતું નથી. પરંતુ, સંક્રિય વાચકો

ની આ સક્રિય ચેતના સામયિકોની મોટી મૂડી છે.

એક બાજુએ હરિવલ્લભ ભાયાણી, જયંત કોઠારી, ચંદ્રકાંત ટોપીવાળા જેવાં વિદ્વાનો તો બીજી બાજુએ શરીફા વીજળીવાળા, ભરત મહેતા, જયેશ ભોગાયતા જેવા નવલોહિયા અનેક અભ્યાસીઓનાં અભ્યાસને સામયિકમાં એક સાથે જ પ્રકટ કરવાનું શક્ય બને છે. એટલે કે સમયનાં કોઈ એક ખંડમાં જે કંઈ સર્જન-વિવેચન થતું હોય છે તેને એક સાથે પ્રકટ કરવાનું, એક મંચ પર મૂકી આપવાનું પણ સામયિકનું પ્રયોજન રહેલું છે. જૂની-નવી પેઢીનાં, જુદાં જુદાં દ્રષ્ટિકોણ ધરાવતાં સર્જકોનાં સાહિત્યને એક સાથે મૂકી આપીને સામયિક એ દરેકનાં તુલનાત્મક અભિગમથી સાહિત્યની વિવિધ તરાહો (પેટર્ન) નો આપણને પરિચય કરાવે છે. એટલું જ નહીં પણ આ જુદી જુદી પેઢીનાં અને વિવિધ દ્રષ્ટિકોણ ધરાવતા સર્જકોનાં સર્જનકાર્ય અને અભ્યાસીઓનાં સંશોધનોથી પરોક્ષ રીતે પણ સાહિત્યનું મૂલ્યાંકન થતું હોય છે.

પરપ્રાંતીય અને વિદેશી ભાષાનાં સાહિત્ય અનુવાદો દ્વારા એ ભાષામાં રહેલી સર્જનાત્મક છટાઓને પ્રકટ કરતાં સામયિકોએ સાહિત્યની વ્યાપકતાનો આલેખ પૂરો પાડવાનું મહત્વનું કાર્ય કર્યું છે. પરભાષાનાય વિદેશી સાહિત્યનાં નવાં વલણો, સાંપ્રત દ્રષ્ટિકોણને મૂકી આપી પ્રવર્તતી પ્રયોગશીલતા અને સાહિત્યિક પ્રવૃત્તિઓનો અંદાજ વાચકોને વિશ્વસાહિત્ય સુધી લઈ જવામાં મદદ કરે છે. એટલે સાહિત્યનું સામયિક માત્ર પ્રાંતીયસાહિત્યનું કથક બનવાને બદલે વાચકોની સાહિત્યદ્રષ્ટિએ વિસ્તારવાનું કાર્ય કરતું હોય છે. વિદેશીસર્જકોનાં સર્જનો આજે ગુજરાતમાં જાણીતા થયાં છે અને એ સર્જનોએ ગુજરાતી સર્જકોને પ્રેર્યાં પણ છે. સંસ્કૃત સાહિત્યની પ્રશિષ્ટ કૃતિઓ અને વિશ્વપ્રસિધ્ધ સર્જકોનાં સર્જનો તુલનાત્મક અભિગમે આપણે જોતાં થયા છીએ.

સાહિત્યિક સામયિકનું સૌથી મહત્વનું પ્રયોજન એ છે કે એ પરિણામને બદલે પ્રક્રિયાને આગળ ધરે છે. સાહિત્યની રચાતી જતી ભાતને આપણી સામે મૂકી આપે છે. સાહિત્યનાં ઘડાતાં જતાં ઈતિહાસમાં સામયિકનાં પ્રદાનનો વિચાર

કરીએ ત્યારે સામયિકની ભૂમિકાનો સુપેરે ખ્યાલ આવશે. કવિ-ન્હાનાલાલ, કાન્ત ની કાવ્યપ્રવૃત્તિઓનો સાચો આલેખ તો સામયિકમાં સમયાંતરે પ્રકટ થતી રહેલી કૃતિઓ પરથી આંકવો જોઈએ. સુન્દરમ્ કવિતાક્ષેત્રે જેવી નોંધપાત્ર કામગીરી કરે છે એમ ઝીણવટભર્યું ગદ્યલેખન સામયિકનાં કારણે જ શરુ કરે છે ત્યારે સુન્દરમ્ ને ઘડવા પાછળ સામયિકનું રહેલું પીઠબળ આપણા ધ્યાનમાં આવવું જોઈએ. ર. વિ.પાઠકની વાર્તાકાર તરીકેની તમામ શકયતાઓમાં જેમ 'પ્રસ્થાન'ને યાદ કરવું પડે છે એમ તમામ સર્જકોનો સર્જન આલેખ સામયિક પાને પથરાયેલો છે. સાહિત્ય નાં ઈતિહાસ લેખનમાં બહુધા સર્જકનાં સંગ્રહને અનુલક્ષીને એ સર્જનનાં લેખા-જોખા કરવાનું બને છે. પરંતુ એ સંગ્રહો તો સર્જકની લેખન-કામગીરીનાં પરિણામરુપ હોય છે. સર્જકનાં ઘડતર વિકાસમાં સામયિકોએ ભજવેલી ભૂમિકા તરફ આપણું ધ્યાન દોરાતું નથી. કોઈ કાવ્ય, વાર્તા, નિબંધ કે વિવેચનો પ્રકટ કરતાં સામયિકો જે-તે લેખકની તે-તે સમયની સજ્જતા, જે-તે સમયની સાહિત્યની લાક્ષણિકતા અને વલણોને પ્રકટ કરે છે અને એ ધ્વારા સાહિત્ય પ્રવાહોનો એક નકશો એ આપણી સામે મૂકી આપે છે. અહીં સામયિકને ઉવેખીને લખાયેલો કોઈ પણ ભાષા-સાહિત્યનો ઈતિહાસ અધકચરો બનવાની જ સંભાવના છે.

જે તે સમયગાળાનાં અમુક અંતર પછી જોઈએ ત્યારે એ સામયિક પ્રવૃત્તિ અને પ્રદાનનું મૂલ્ય આંકી શકાય. જેમ કે સુધારક યુગ, પંડિત યુગ કે ગાંધીયુગના સામયિકનાં પ્રદાનનો એ સમયગાળાને લક્ષમાં લઈને, અંદાજ બાંધીને સામયિકપ્રવૃત્તિની યથાર્થતાને તપાસી શકાય. પ્રકાશિત થતાં સામયિકે ભૂતકાળમાં કરેલા અનોખા કાર્યો અને પ્રદાનની ચર્ચા કરી શકાય પરંતુ એ જ સામયિક વિશે ભવિષ્યનાં આશા-મિનારાઓ આપણે ચણી શકતા નથી. તંત્રી બદલાવને કારણે કાં તો એ સામયિક તદ્દન રંઢિયાળ દશામાં આવી પડે અથવા તો નાણાભીડને કારણે સામયિક બંધ કરવાનો સમય આવે ત્યારે એના ભવિષ્ય વિશે સેવેલી ઉંચી ધારણાઓ નીષ્ફળ નીવડતી હોય છે. સામયિકનાં પ્રભાવ-પ્રદાનનો વિગતે અભ્યાસ એ સમયગાળાથી દૂર રહીને જ થતો હોય છે અને ત્યારે જ જે-તે સામયિકનું ખરું મૂલ્યાંકન કરવામાં આપણે સફળ થતાં હોઈએ છીએ. 'સાહિત્ય'નાં ચોપાનિયા શું કહે છે ? એ વિભાગે તેમ જ 'કૌમુદી', 'માનસી'માં વિજયરાયે કેટલાક સામયિકોની આકરી ટીકા કરેલી

પરંતુ એ જ સામયિકો આપણાં સાહિત્યમાં આદરભર્યું સ્થાન મેળવી ચૂકયા છે એટલે કોઈપણ સામયિકનાં વિશદ્ કાર્યની કસોટી ઉતાવળે કરવામાં જોખમ રહેલું છે.

સામયિકનો તંત્રી માત્ર સાહિત્ય જ નહીં પણ અન્યકળાઓ પ્રત્યે જાગ્રત હોય ત્યારે એના સુભગ પરિણામો જે-તે યુગને સાંપડતા હોય છે. 'સદી'થી ચિત્રાત્મક સામયિકોનો આરંભ થયો હતો આ કારણે ગુજરાતમાં ચિત્રકારોની એક તરુણ પેઢી તૈયાર થવા માંડી. સામયિકોએ રવિશંકર રાવળ, કનુ દેસાઈ, પુરુષોત્તમ, મોહનભાઈ પટેલ, સોમાલાલ શાહ જેવા અનેક ચિત્રકારો અને તારાપોરવાળા જેવાં કુશળ તસવીરકારોને કળા દર્શાવવાનો મોકો આપ્યો. ચિત્રકળાનાં આ વિવિધ નમૂનાઓથી પ્રજાને 'સાહિત્યની' સાથે 'ચિત્રકળાનાં ઉતમ નમૂનાઓથી પ્રજાને 'સાહિત્ય'ની સાથે 'ચિત્રકળાનાં ઉતમ નમૂનાઓ પ્રાપ્ત થવાં લાગ્યા. 'સદી','નવચેતન', અને 'કુમાર'માં પ્રકટ થતી વિશ્વપ્રસિધ્ધ ચિત્રકૃતિઓ, મૌલિક કૃતિઓએ ચિત્રકળા અંગે રસ-રુચિ ઊભી કરવાનું મોટું કાર્ય કર્યું છે. બચુભાઈ રાવતે મુદ્રણકળામાં જીવંત રસ લઈને 'કુમાર'ને રુપરંગે વિશિષ્ટ બનાવ્યું એ કારણે ગુજરાતમાં રાવતલિપિનો યુગ શરુ થયો. એક સામયિક પ્રજાને જે કંઈ આપવા તત્પર થાય છે એનો પ્રભાવ કઈ કઈ દિશાએ મ્હોરતો હોય છે. એનું આ ઉદાહરણ છે.

કોઈ નોંધનીય અવસરે વિશેષાંકો પ્રકટ કરીને પોતાની અભ્યાસકીય વૃતિનો પરિચય આપવાનું પણ સામયિકનું પ્રયોજન હોય છે. સામગ્રી, ચિત્રો અને રુપરંગનાં કારણે ચાલુ અંકોથી એ જુદા પડતા હોય છે. ખાસ લેખકો ધ્વારા લખાયેલી સામગ્રી અને વિશેષ હેતુઓને લઈને પ્રકાશિત થયેલા વિશેષાંકો સાહિત્યિક પ્રવૃતિનું પ્રતિબિંબ પુરું પાડે છે. આવા અભ્યાસશીલ વિશેષાંકો આપણાં સામયિકોનું જમાપાસુ છે.

જુદા જુદા હેતુઓ અને આદર્શો અનેક દ્રષ્ટિકોણવાળા અનેક પ્રકારના સામયિકો એક જ સમયે સાથ્યયાંતરે પ્રકટ થતાં હોય છે. જેમ કે કેવળ કવિતાનું સામયિક 'કવિતા','કવિલોક', કેવળ વિવેચનનું સામયિક 'ફાર્બસ ત્રૈમાસિક' કે સાહિત્ય

નાં તમામ સ્વરૂપોને પ્રકટ કરતાં 'પરબ','એતદ્' જેવા સામયિકો. આ કારણે સાહિત્યમાં એક સંકુલ આલેખ ઉભો થતો હોય છે તેથી અમુક ભાષાની જે -તે સમયની કોઈ નિશ્ચિત એવી સાહિત્યિક મુદ્રાને સાહિત્યિક સામયિકનાં અભ્યાસ ધ્વારા અગવત કરવાનું મુશ્કેલ બને છે છતાં પણ સાહિત્યિક સામયિક કોઈપણ સાહિત્યનું જીવંત અને ચાલક પરિબળ છે એમ કહી શકાય.

સમગ્ર ગુજરાતી પત્રકારત્વને અવલોકતા જણાશે કે બહુ આરંભનાં ગાળાની આ માધ્યમોનો પ્રભાવ આપણાં જનસમૂહ પર પડેલો છે. શરુઆતથી ગુજરાતમાં એવા કોઈ પ્રભાવશાળી અંગ્રેજી સામયિકો કે અખબારોએ પોતાનું વર્ચસ્વ પ તમિલનાડુ, બંગાળ કે મહારાષ્ટ્રની જેમ જમાવ્યુ નથી સરવાળે ગુજરાતી પત્રકારત્વ ગૌણ બની જવાને બદલે કેન્દ્રમાં રહ્યું છે. અને એનો એક શાખાઓમાં વિકાસ અશકય બન્યો છે. વળી, આ પત્રકારત્વનો આદર્શ બહુધા લોકસેવા, લોકશિક્ષણનો રહ્યો છે. ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ કે સ્થાપિત હિતો ધરાવતા લોકોની શેહશરમમાં દબાઈ જઈને એમની ભાષામાં બોલવાનું ગુજરાતી પત્રકારત્વે સ્વીકાર્યું નથી. સામાિ સામાજિક સુધારણા, શિક્ષણપ્રસાર, રાષ્ટ્રિય ચળવળમાં આપણાં પત્રકારત્વનું અર્પણ ધ્યાનાર્હ છે. નર્મદ, કરસનદાસ મૂળજી જેવા સમાજ સુધારકોએ, પત્રકારત્વની પ્રવૃતિમાં આર્થિક રીતે ખુવાર થવાનો તેમ સમાજ તિરસ્કાર, બહિષ્કારનો સામનો પણ કરેલો છે. ગુજરાતી ભાષાનાં ઘડતરમાં, જોડણીની એકવાકયતા રચી આપવાનાં પ્રયત્નોમાં તેમજ ભાષા, ધર્મ, જાતિનાં વાડાઓને આપણાં પત્રકારત્વે કદી પોષ્યા નથી. 'સાહિત્ય', 'વીસમી સદી' એ તમામ લેખકોને આવકારવામાં વારંવાર કરેલા સૂચનો આપણાં પત્રકારત્વની વિશાળ દ્રષ્ટિનો પરિચય આપે છે. પ્રજાનાં વિકાસ માટે આ પત્રકારત્વે કરેલા સોપાનો ભવિષ્યનાં આજનાં પત્રકારત્વ ને રાહ ચીંધવામાં આદર્શ બન્યા છે એ એનો સૌથી મોટો વિશેષ છે.

સમૂહ માધ્યમોનાં આક્રમણને લીધે એવો ભય ઉભો થયેલો કે છપાયેલા શબ્દ હવે મૃતઃપ્રાય બનશે. દ્રશ્યાત્મકતાનું ઘોડાપુર પ્રજાસમૂહને છપાયેલાં શબ્દથી દૂર લઈ જશે. પરંતુ મુદ્રણ માધ્યમનાં અખબારો, પુસ્તકો અને સામયિકોએ પોતપોતાની સજીવ-મુદ્રા કંઈક અંશે જાળવી રાખી છે. સાંજ-સવાર દ્રશ્યામકતા સાથે પનારો પાડનારાં પ્રજા સમૂહ સામે હજૂપણ કેટલોક વર્ગ આ છપાયેલા શબ્દમાં શ્રધ્ધા ધરાવે છે એ

એ આશ્વાસન કંઈ ઓછું નથી. મનોરંજનનાં વ્યાપક સાધનો, લોકપ્રિયતા રળી ખાવા પ્રકટ થતાં નિમ્નકક્ષાનાં સામયિકો સામે 'સાહિત્યની વાત ગૌણ બની ગઈ છે. એ છતાં પણ સાહિત્યિક સામયિકનાં આંતરસત્વને તંત્રીની નિષ્ઠા અને ખેવનાને લીધે ભાગ્યે જ હાનિ પહોંચી છે. તંત્રથી શુ શરું થતાં અને ખંતથી ચાલતા આવા સામયિકો જે - તે યુગનું સંસ્કારભાથું છે. એ યુગનો વૈભવ અને આવતીકાલની પ્રજાનો વારસો છે ત્યારે એ છપાયેલા શબ્દમાં રહેલા ચૈતન્યને પામનારાં વર્ગને કોઈને કોઈ સમયે એ સ્પર્શે જ એવી શ્રધ્ધા જાગે છે. પાંચ-દસ કે એથી વધુ વર્ષો ઈસુધી, અનેક વિટંબણાઓ વચ્ચે જીવંત શબ્દની સાધના કરનારાં સામયિક ઈતિહાસને જોઈએ છીએ ત્યારે એમાં રહેલી શબ્દશ્રધ્ધા, સાહિત્ય અને અન્યકળા પ્રત્યનેની ખેવનાનો રણકાર આખરે તો પ્રજાસમૂહનાં સાહિત્યસંસ્કાર દીક્ષા પરત્વેનો છે. દાયકે દાયકે મળેલા ઉત્તમ સાહિત્યિક સામયિકોની પરંપરાને આનંદશંકર ધ્રુવે આ રીતે મૂકી આપી છે. : 'પ્રથમ યુગમા 'બુધ્ધિ પ્રકાશ', 'બુધ્ધિ વર્ધક','વિજ્ઞાન વિલાસે' બુધ્ધિનો પ્રકાશ કરવા માંડયો. આ સાંકડી કર્તવ્યભાવનાને બીજા યુગમાં 'પ્રીયવંદા', 'સુદર્શન' અને 'જ્ઞાનસુધાના' વિવાદ થી તટસ્થ એવા સાહિત્ય સેવાનો માર્ગ 'સમાલોચકે' લીધો. જતે દહાડે 'વીસમી સદી' એ પશ્ચિમનાં લોકપ્રિય માસિકોની ઢબનો ગુજરાતને પરિચય કરાવ્યો અને અત્યારે ગુજરાતની આશાના અસંખ્ય કિરણો 'ગુજરાત', 'શારદા' 'નવચેતન', 'સાહિત્ય','પ્રસ્થાન','કૌમુદી' આદિ માસિકોમાંથી સમસ્ત ગુજરાતમાં પ્રસરી રહ્યા છે. આ ત્રીજા યુગનું એક ખાસ લક્ષણ છે. સાઠીનાં ત્રણ યુગોનું લાક્ષણિક સ્વરુપ તપાસીએ તો પ્રથમ યુગ અંગ્રેજી કેળવણીથી પ્રાપ્ત થયેલી સામાન્ય વિદ્યા અને માહિતીનો, બીજો ધર્મ અને તત્વજ્ઞાનનો અને ત્રીજો સાહિત્ય અને કલાનો અને વિશેષારૂપે માસિકોનો જોવામાં આવશે.[૨૯] ત્રીજાયુગનાં એ સાહિત્યિક ઉન્મેષોને હજૂ ઝાંખપ વળગી નથી.સાહિત્યિક સામયિકો આથમે છે - પાતળા પડે છે ને નવા ઊભા થાય છે તેમાં સાહિત્ય પ્રત્યેનો લગાવ વ્યકત થયા કર્યો છે. ૧૯૨૪માં પ્રથમ પત્રકાર પરિષદનું'મુંબઈ સમાચાર' ના તંત્રી મહેરજી પાલનજી માદનનાં પ્રમુખપદે આયોજન થયેલું. ૧૯૨૬માં ગુજરાતી પત્રકાર પરિષદનાં બીજા અધિવેશનમાં પ્રમુખ આનંદશંકર ધ્રુવ રહેલા. એક સાહિત્યકાર

~~પત્રકાર પરીષદનાં બીજા અધિવેશનનાં પ્રમુખ આનંદશંકર ધ્રુવ રહેલા. એક~~ ~~સાહિત્યકાર~~ પત્રકાર પરિષદનાં પ્રમુખ બને એ સૂચક ઘટના નથી ? એ વખતે આનંદશંકરે આપેલા વક્તવ્યનો સંદેશ પત્રકારો અને સર્જકોએ યાદ રાખવા જેવો છે. : તેઓ કહે છે કે,'તમને ઠપકો મળે, જેલ મળે, તમે નિંદાનાં ભોગ બનો તો ભલે, અરે, ફાંસીને માંચડે પણ ચડજો પરંતુ તમારા અભિપ્રાયો તો પ્રસિધ્ધ કરજો જ. એ માત્ર હકક નથી, એ ધર્મ છે, ફરજ છે,[30] સાહિત્ય પદાર્થ સાથેની આ નિસબતે અને મથામણે સાહિત્યિક સામયિકોનો સંતોષપ્રદ હિસાબ તો આપ્યો જ છે.

આજની વિપરીત થયે જતી સ્થિતિમાં પણ સામયિકોનું એક ચોકકસ સ્થાન છે. પરંપરિત સામયિકોથી માંડીને નવી નવી દ્રષ્ટિ તેજ વાળા સામયિકોનું પ્રકાશન થઈ રહ્યુ છે એ આપણી આશાને દ્રઢ કરવા પૂરતું છે. છેક આ સદીનાં નવમા દાયકાની સામયિકિક પ્રવૃત્તિને અવલોકતા રમણ સોની યોગ્ય જ નોંધે છે કે, ' નજીકનાં ભૂતકાળ તરફ નજર કરતાં પણ એટલું જરૂર કહી શકાય કે આ બધું નિરાશાનો શ્વાસ થવા સર્જાયું નથી, એ કોઈને કોઈ અર્થ ને કશીક આગવી મુદ્રા ઉપસાવનારી સાતત્ય ભરી પ્રવૃત્તિનો એક અંશ બની રહેશે.[31]

'આગવી'મુદ્રા ઉપસાવનારી' આ સાતત્યભરી પ્રવૃત્તિને હવે વિગતે અવલોકવાનો ઉપક્રમ છે.

-: સંદર્ભ :

(૧) વધુ વિગત માટે જુઓ: 'લોકસાહિત્યનાં મૂળ અને કુળ-હરિવલ્લભ ભાયાણી
(૨) ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૨મું સંમેલન, અહેવાલ, પૃ ૫૦૦-૯૧ (૩) એન
ઈન્ટ્રોડકશન ટુ જર્નલીઝમ - એફ. ફ્રેસર બોન્ડ પૃ. ૧૨ (૪) આ આખી ચર્ચા માટે
જુઓ :' ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૪મું અધિવેશન (દિલ્હી) દ્વારા પ્રકાશિત
'સંભારણું' પૃ, ૮૧-૮૮ (૫) 'અને સાહિત્ય-(સંપાદન)-યશવંત ત્રિવેદી, પૃ ૧૭૧
(૬) ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૪મું અધિવેશન ,પૃ. ૮૧-૮૮ (૭) એજ.
(૮) વેરાનમાં-ઝવેરચંદ મેઘાણી, પૃ.૧૪-૧૫ (૯) ગુજરાતી સાહિત્ય પરિષદ
૨૨,મું સંમેલન, અહેવાલ, પૃ. ૨૫૯-૬૦ (૧૦) પ્રેમાનંદ વ્યાખ્યાન માળા અંતર્ગત

'સાહિત્ય અને પત્રકારત્વ' વ્યાખ્યાનમાંથી-૧૯૯૫ (૧૧) જુઓ: ' બુધ્ધિપ્રકાશ', અંક:૫, મે - ૧૯૨૦ કેશવ શેઠનો લેખ (૧૨) 'પ્રસ્થાન', અંક:૧, કારતક, ૧૯૮૬ (૧૩) સ્મૃતિ સંવેદન- ચાંપશી ઉદ્દેશી, પૃ. ૧૬૩ (૧૪) 'પ્રત્યક્ષ', અંક :૩-૪ ૧૯૯૫, પૃ. ૯૧ (૧૫) ધ આર્ટ ઓફ એડીટીંગ, સંપા. ફલોયડ કે. બસ્કેટી તથા અન્ય, પૃ. ૩૮૭ (૧૬) 'પ્રત્યક્ષ', જાન્યુ-માર્ચ ( સળંગ અંક :૧૭), ૧૯૯૬,પૃ. ૪૯ (૧૭) ધ આર્ટ ઓફ એડીટીંગ - સંપા. ફલોયડ કે બસ્કેટી, પૃ.૩૮૭ (૧૮) 'પ્રત્યક્ષ', અંક : ૩-૪, ૧૯૯૫,પૃ. ૯૧ (૧૯) જુઓ: શોધ નવી દિશાઓની (સં : શિરીષ પંચાલ, જયંત પરીખ)માં રમણ સોનીનો લેખ, પૃ૧૩૯ (૨૦) 'પ્રત્યક્ષ', અંક: ૩-૪, ૧૯૯૫, પૃ. ૩૦ (૨૧) જુઓ: 'શોધ નવી દિશાઓની' માં પૃ. ૧૫૨ (૨૨) પરિષદ પ્રમુખોના ભાષણો (૧૪ થી ૨૭), પરીષદ, પૃ. ૧૩૯ (૨૩) 'સંસ્કૃતિ'નું પૂર્ણાહુતી વિશેષાંક- ૧૯૮૪ (૨૪) જુઓ: સમાચાર ફીચર, લેખન એવં સંપાદન કલા- ડો. હરીમોહન, પૃ.૧૨૨ (૨૫) 'કૌમુદી', અષાઢ, સં. ૧૯૮૧ (૨૬) સ્મૃતિ સંવેદન- ચાંપશી ઉદ્દેશી પૃ. ૧૭૫ (૨૭) એજ. પૃ. ૧૬૫ (૨૮) જુઓ. 'એતદ્', અંક : ૧, નવે. ૧૯૭૭. (૨૯) પરીષદ પ્રમુખો નાં ભાષણો (૧ થી૧૩), પરીષદ, પૃ. ૩૯૩ (૩૦) સદીનું સરવૈયુ - સંપા. રઘુવીર ચૌધરી, પૃ. ૭૦ (૩૧) જુઓ:'શોધ નવી દિશાઓની' માં પૃ. ૧૫૩.